# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાના ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| માનવ માત્રની પ્રાર્થના | યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| ઈશ્વરપ્રણિધાનનો લાભ | શ્રી મહાત્મા યોગેશ્વરજી | ૯ |
| શ્રી હરિની શબ્દયાત્રા | મા સર્વેશ્વરી | ૧૨ |
| અનુભવ વાણી | સંતવાણી | ૧૫ |
| નિયતિ રામને પણ ન છોડે | ગુણવંત શાહ | ૧૯ |
| અંતરની માટલી | મકરન્દ દવે | ૨૪ |
| અનોખો સાધના અર્ઘ્ય | નારાયણ હ. જાની | ૩૦ |
| પૂ.માના જન્મદિને સત્કર્મ | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૩૩ |
| ભગવાન છે કે નહી? | ડો. આઇ. કે. વીજળીવાળા | ૩૫ |
| પૂ.માનો નવા વર્ષનો સંદેશ | મા સર્વેશ્વરી | ૩૯ |
| સ્વીટ્ઝર્લેન્ડથી ઇટલી લૂશાનથી વેનીશ | મા સર્વેશ્વરી | ૪૨ |
| Maa is always caring for Children devotees | Niti | 46 |
| ભગવાન રમણ મહર્ષિના આશ્રમમાં | અનુ. યોગેશ્વરજી, મૂ.લે. પોલબ્રન્ટન | ૫૦ |
| સ્વભાવ–શુદ્ધિ | સ્વામી રામસુખદાસ | ૫૬ |
| સુષુમ્ણા | જયંત જી. ગાંધી | ૬૦ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# માનવ માત્રની પ્રાર્થના

—યોગેશ્વરજી

*એવી બુદ્ધિ દો અમને*
*કે ભલુ અન્યનું એથી થાય.*
*ભૂલેચૂકે પણ બીજાના*
*બૂરા માટે ના વપરાય;*
*એવી શક્તિ દો અમને,*
*કે હિત બીજાનું એથી થાય.*
*ભૂલેચૂકે પણ બીજાના, વિનાશ માટે ના વપરાય.*
*એવી લક્ષ્મી આપો અમને*
*જેથી દળદળ સહુનું જાય.*
*બીજાની પણ સેવા થાય, સહુના શુભ માટે વપરાય.*
*એવું જ્ઞાન અને બળ આપો*
*મદદ કરે જે સહુને નાથ,*
*અમને તારે શાંતિ વળી દે,*
*બીજાને પણ આપે સાથ.*
*જેમ જિંદગીમાં આપો કે*
*લભિયે દિવ્ય તમારો પ્રેમ.*
*વરસાવીએ જગમાં સઘળે,*
*સૌના મંગલ માટે તેમ.*

આ પ્રાર્થના પૃથ્વી પરના દરેક માનવ માટે છે. તેમાં કોઈ દેશ, કાળ, જાતિ, ધર્મ કે અમીર ગરીબ એવા ભેદ નથી. તેમાં એક સર્વ વ્યાપક પ્રભુ પાસે એવું માગવામાં આવ્યું છે જે સર્વલોકના હિત માટે હોય. તેથી તેને કોઈપણ ગાઈ શકે, પોતાના દૈનિક જીવનની પ્રભુ પ્રાર્થનામાં તેને સ્થાન આપી શકે. તેથી મોઢે કરી લેવાય તો લાભ જ થશે. **—તંત્રી**




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૬ ડીસેમ્બર—૨૦૧૩ અંક ૩


# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળ:—જોશીમઠ થી બદરીનાથ, જેઠ સુદ દશમ,**
**તા.૦૧/૦૬/૮૨ મંગળવાર**

ત્યારબાદ શ્રી રામેશ્વર સાથેનો વાર્તાલાપ શરૂ થયો. પૂ.શ્રીના આગ્રહથી શ્રી બાબુભાઈએ જ પ્રશ્નો પૂછવાની શરૂઆત હિન્દીમાં કરી. બાબુભાઈનું હિન્દી આનંદ આપે એવું. પૂ.શ્રીના શબ્દોમાં કહીએ તો શ્રીવલ્લભભાઈ પટેલના હિન્દી જેવું. તે પહેલાં પૂ.શ્રીએ સૌને પરિચય આપતાં કહ્યું. દેવપ્રયાગથી દૂર દશરથાચલ પર્વત આવેલો છે ૧૯૪૬માં શ્રાવણમાં અતિઠંડી. સાડા આઠ હજારફૂટની ઉંચાઈ પર અમે લંગોટી પહેરીને મૌન રાખીને રહેતા ત્યારે આ ભાઈ રામેશ્વર અમારી સાથે રહેલાં. પ્રથમ ૩૧ દિવસના પાણી ઉપરના નવરાત્રીના ૧૯૪૭ના ઉપવાસ પણ આ ભાઈએ જોયા હતા. વળી ટાયફોઈડ થયો ત્યારે પણ એમણે સેવા કરેલી.

શ્રી બાબુભાઈના હિન્દી પ્રશ્નના ઉત્તરમાં શ્રી રામેશ્વરે જણાવ્યું કેઃ—

"દશરથાચલ પર્વત ઉપર તુટ્યું ફૂટ્યું એક મકાન. રાતે પિશુન નામના જીવડાં ખૂબ કરડે, તો પણ રાતદિવસ મહારાજ(પૂ.શ્રી યોગેશ્વરજી) કિરતાલ લઈ કીર્તન કરે ને નાચે. એકાદ દિવસ માંડ પહાડ ઉપર ગયા ને થયો, ત્યાં પૂ.શ્રીએ કહ્યું, હવે હું મારું કાર્ય સિદ્ધ ન થાય, ત્યાં સુધી મૌન રાખીશ. ત્યાંનું જીવન આનંદમય હતું.

એ પહાડ ઉપર અમે બે જ હતા. મહારાજ તો રાત દિવસ જપ ધ્યાનમાં બેઠા જ હોય. હું રામચંદ્રજીનો ફોટો લઈ ગયેલો, તેની સામે બેસીને જપ કરું.

સાથે દાળ, ચોખા લઈ ગયેલા, તેમાં દાળ પૂરી થઈ તો સફેદ ટોપ વનસ્પતિ શોધી કાઢી. તેનું શાક બનાવતા. બે જ વાનગી બનતી. સફેદટોપ પણ પૂરી થઈ, તો કાળા રંગની કોઈ વનસ્પતિ જેને હું જાણું નહીં, ઝેરી પણ હોય. છતાં પૂ.શ્રીએ એ પકાવવાની રજા આપી. જેથી બનાવી. તે પછી ઘણીવાર તે જ બનાવતા.

દશરથાચલ પર્વત ઉપર રહીને દેવપ્રયાગ જવા નીકળ્યા, ત્યારે માર્ગમાં મહારાજે કહ્યું. આજે કોઈ મહાનપુરુષનો દેહાંત થયો છે. તાર, ફોન, પેપર કશું ન હતું. છતાં તે વાત જે મહારાજે કરી ને દેવપ્રયાગ ગયા ત્યારે સાંભળી અને તે સાચી હતી.

મહારાજ જેવા મહાપુરુષ જોવા ન મળે. ટાયફોઈડની



માંદગી સમયે શરીરમાં જરા શક્તિ નહીં, છતાં મુખ ખૂબ તેજસ્વી. બધો જ પાવર તેમાં ભર્યો હતો.

પ્રશ્ન : દશરથાચલ પર્વત ઉપર ડર ન લાગતો?

શ્રી રામેશ્વર : ભયંકર પ્રાણીઓ ત્યાં રહે, પણ તે દિવસોમાં મહારાજની કૃપાથી એવો ભાવ હૃદયમાં જાગેલો કે બધા જીવો પ્રત્યે સમભાવ રહેતો. જેથી ડર ન લાગતો.

હું તો કામળો લઈ ગયેલો, પણ મહારાજ તો લંગોટી જ પહેરતા.

મહારાજની કૃપાથી સાંસારિક શાંતિ છે. કઠિનાઈ આવે છે, પણ એમની કૃપાથી સરળ બની જાય છે. એમની સેવા કરી છે તો દયા છે.

દેવપ્રયાગથી જ્યારે દશરથાચલ પર્વત ઉપર મહારાજ સાથે રહેવા ગયો, ત્યારે ઘરમાં માતાજી, ભાઈને થયું કે આ પણ જોગી થઈ જશે. તેમને સમજાવ્યાં કહ્યું, "તમે ના કહેશો તો પણ હું તો જઈશ. હું જવાનો છું. એવું કહેવા આવ્યો છું. લગ્ન થઈ ગયાં હતાં એટલે હું જ્યારે દશરથાચલ ગયો ત્યારે સસરાજી મારા પત્નીને પોતાને ઘેર લઈ ગયા. ફરી દેવપ્રયાગ આવ્યો ત્યારે ધર્મપત્નીને પિયરથી લઈ આવ્યો."

શ્રી રામેશ્વરનો આ મહત્ત્વનો વાર્તાલાપ સાંભળ્યો. સૌને ખૂબ જાણવાનું મળ્યું. વિશેષ તો પૂ.શ્રીની તપશ્ચર્યાના તે એક પ્રત્યક્ષ સાક્ષી હતા. સૌથી મહત્ત્વના સાક્ષી માતાજી હતાં. પણ હવેના સાક્ષીઓમાં શ્રી નારાયણભાઈ જેવા કાંઈક. તો વળી રામેશ્વર જેવા કોઈક.

બદરીનાથની પવિત્ર ભૂમિમાં પૂ.શ્રીની તપશ્ચર્યાના સાક્ષી શ્રી રામેશ્વરને મળવાનું બન્યું જેથી આનંદ થયો. રામેશ્વર ત્યારે ૨૨ વર્ષના હતા. હમણાં તેઓ ૫૮ ની આસપાસ હશે. યુવાનીમાં પૂ.શ્રી જેવા મહાત્માની સેવા કરવાનો ભાવ જાગવો એ પણ એક ઉત્તમ સંસ્કાર જ ગણાય ને!

રામેશ્વરનો વાર્તાલાપ પૂરો થયો. થોડો સમય હતો. બહારના ગુજરાતી ભાઈબેનો પણ આજે સત્સંગમાં હતાં. તે પૈકી એક ભાઈએ પૂ.શ્રીને પ્રશ્નો પૂછ્યા.

પ્રશ્ન : મનને સ્થિર કરવા શું કરવું?

પ્રશ્ન : ધ્યાનમાં વિચારોને સાક્ષી ભાવે જોવા કે આવતા વિચારોને આવવા જ દેવા?

પ્રશ્ન : વ્યવહારોથી પર થઈને ધ્યાન કરવું કે વ્યવહાર કરતાં કરતાં ધ્યાન કરવું?

પૂ.શ્રીએ એ બધા પ્રશ્નોના ઉત્તરો આપતાં કહ્યું : મન જેમ જેમ પવિત્ર થાય તેમ તેમ જપમાં સ્થિર થશે. પછી જલ્દી શાંત થાય. કૃપાને સહેલાઈથી અનુભવી શકાય.

જ્યાં સુધી વ્યવહારમાં રહેવાની આસક્તિ છે, ત્યાં સુધી જપમાં એકાગ્ર ન થવાય. વ્યવહાર જેમ જેમ નિર્મળ થાય પછી સ્વભાવ સાત્ત્વિક થાય, ને સાથે સાથે જપ થાય, ધ્યાન થાય.

જપ ને ધ્યાન તમે ૨૪ કલાક તો ન જ કરી શકોને! સવારે ૧ કલાક જપ કરો. પછી આજીવિકાનું કામ પણ કરો. તે કામ કર્તવ્ય ભાવે, સમજપૂર્વક, જાગૃતિ સાથે કરો ને સાથે સાથે પ્રભુસ્મરણ પણ કર્યા કરો.



ઘરે આવો તે પછી એક કલાક જપ કરો.

તો એ રીતે વ્યવહાર ને જપ સાથે થઈ શકે. કામ, ક્રોધ, રાગ, દ્વેષ, સ્વાર્થવૃત્તિ વ્યવહારમાં ઓછા કરવા માંડો તો જપ ધ્યાન સારી રીતે થઈ શકે.

જપ ને ધ્યાનમાં વિચારો આવે ત્યારે શ્વાસ સાથે ધ્યાન કરો. જીભને ઉલટાવીને જપ કરો. જુદા જુદા નુસ્ખા છે.

સત્સંગ પૂરો થયો. સૌ આરામનો વિચાર કરતા હતા, વિષ્ણુસહસ્રનો પાઠ સમૂહમાં કરવાની યોજના બની. સૌ ભાઈબેનોએ સમૂહમાં તે પાઠ કર્યો. ગુરુ બાવની બોલી પછી આરામ.

(ક્રમશઃ)

## New year Blessings

**–Editor**

The New year is a special day for the Western World. We therefore pray to God to bestow good material prosperity, together with inner most spiritual peace and joy attained through fourney within.

Let the blessings of Maa and prabhu be a solae and support for all those who aspire for them.

# ઈશ્વરપ્રણિધાનનો લાભ

શ્રી મહાત્મા યોગેશ્વરજી

ઈશ્વરપ્રણિધાન અથવા ઈશ્વરની ભક્તિ આત્મોન્નતિના મંગલ માર્ગમાં કેટલી બધી ઉપયોગી છે એ વાત આ પહેલાં પણ કહેવાઈ ગઈ છે. તે વખતે, તેની મદદથી પણ મનનો નિરોધ થઈ શકે છે એ વાતનું સ્પષ્ટીકરણ સારી પેઠે થઈ ગયું છે. એ જ વાતને જરા જુદી રીતે પરંતુ અહીં ફરી કહેવામાં આવે છે. સૂત્રનો અર્થ એવો છે કે ઈશ્વરપ્રણિધાન અથવા તો ભક્તિની મદદથી સમાધિની સિદ્ધિ થઈ જાય છે.

નિરોધ કહો કે સમાધિ બધું એક જ છે ને ભક્તિથી એનો અનુભવ સહેજે થઈ શકે છે. ભક્તિને લીધે મન ધીમે ધીમે નિર્મળ થાય છે. સાત્ત્વિક બને છે, ને ઈશ્વરના પવિત્ર પ્રેમથી પાવન થાય છે. એવા મનનેજ પછી સ્થિર, એકાગ્ર ને શાંત થતાં વાર નથી લાગતી. ભક્તને જો ધ્યાનમાં રસ હોય તો ધ્યાનની સાધનામાં એટલા જ માટે એ બહુ જ જલદી આગળ વધી શકે છે ને સમાધિનો આનંદ મેળવી પોતાના ધ્યેયને સહેલાઈથી પ્રાપ્ત કરી લે છે. ઈશ્વર તેની નાનીમોટી બધી જ ઈચ્છા વધારે ભાગે પૂરી કરે છે. બાળકનું બધું ધ્યાન મા રાખે ને તેના બધા લાડકોડ પૂરા કરે છે, ને તેના જીવનવિકાસમાં બધી રીતે મદદરૂપ બને છે. તે વાતમાં શંકા કરવાનું કારણ નથી. જે ઈશ્વર પોતાના પ્રેમી પર પ્રસન્ન થઈને તેને પોતાનું દર્શન આપી શકે છે ને સિદ્ધિ તથા મુક્તિ આપે છે, તે બીજું શું ન આપી શકે? સમાધિ જેવી સાધારણ વસ્તુને આપવાનું કામ લેશ પણ મુશ્કેલ નથી. તે તો સર્વસમર્થ છે ને ધારે તે બધું જ કરી શકે છે, ભક્ત જો તે ઈશ્વરને



સમાધિના અંતરંગ અનુભવ માટે પ્રાર્થના કરે તો તે પણ જરૂર સફળ થશે એ નક્કી છે. આટલી વાત પરથી કોઈએ એમ નથી સમજવાનું કે જે ભક્ત હોય તેને સમાધિનો અનુભવ થાય જ ને થવો જોઈએ. ભક્ત જ્યારે ભક્તિભાવમાં ડૂબી જાય છે ત્યારે પોતાના શરીરનું ને આજુબાજુના વાતાવરણનું ભાન ભૂલી જાય છે. તેને થતી એવી સમાધિને ભાવ—સમાધિ કહે છે. યોગદર્શનની સમાધિ એથી જરાક જુદી છે. પણ ભક્તની ઈચ્છા હોય તો ઈશ્વરની કૃપાથી તેને તે પણ મળી શકે છે. ભક્તનું ધ્યાન મોટે ભાગે સમાધિને મેળવવા પર નહીં, પણ ઈશ્વરના દર્શન પર લાગેલું હોય છે. તેની ભક્તિ સમાધિ જેવી કોઈ વિશેષ અવસ્થાની પ્રાપ્તિ માટે નહીં પણ ઈશ્વરના દર્શન માટે હોય છે : ઈશ્વરનું દર્શન તેને મન સૌથી વધારે મૂલ્યવાન હોય છે. ગમે તેવી સમાધિ કે સિદ્ધિને નામે પણ તેને ગૌણ નથી ગણતો.

ભક્તિની મદદથી સમાધિ, સિદ્ધિ, ઈશ્વરદર્શન કે બીજું જે કાંઈ મેળવવું હોય તે મળી શકે છે. પણ તે માટે અખંડ ને અનંત ઉત્સાહ, અજબ ધીરજ, હિંમત,. શ્રદ્ધા ને પ્રબળ તથા સતત પુરુષાર્થ તેમ જ મજબૂત ઈચ્છાશક્તિ જોઈએ છે. તેને મનોબળ કહી શકાય. સંસારમાં જુદીજુદી સિદ્ધિના જે જુદા જુદા ઈતિહાસો છે તે ટૂંકમાં કહીએ તો મજબૂત મનોબળવાળા માણસોના જ ઈતિહાસો છે. માનવની લોખંડી ઈચ્છાશક્તિનું જયગાન ગાતા તે આજે પણ પ્રેરણા આપે છે. પ્રેરણાની અંદર રહેલા વિકાસને વેગને ઉત્કટ વેગનું નામ પણ આપી શકાય. આત્મિક સાધનામાં પણ એવું મનોબળ ને એવો વેગ હોય છે ને તેનું વર્ણન આગળ પર સમાધિપદમાં આવી ગયું છે.

માનવજાતિના આધ્યાત્મિક ઇતિહાસમાં એવા વેગનું દર્શન કોઇ વાર કોઇ ધન્ય ઘડીએ થયું છે પણ ખરું. પાંચ વરસનો નાનો બાળક ધ્રુવ નગર મૂકીને મધુવનની વાટે વિદાય થયો ને તપ કરવા લાગ્યો ત્યારે તે દર્શન થયું હતું. વળી જ્યારે પેલો લૂંટફાટ કરનાર રત્નાકર 'મરા મરા' કરતાં પાવન થવા ને પ્રભુદર્શન કરવા પલાંઠી વાળીને બેઠો ત્યારે પણ તે દર્શન થયેલું. ભગવાન બુદ્ધના ગૃહત્યાગ વખતે પ્રહલાદના જીવનમાં ને યુવાન મીરાંએ જ્યારે મહેલ મૂકીને કૃષ્ણપ્રેમે રંગાઇને વૃંદાવનમાં ઈશ્વરને માટે પલાંઠી વાળી ત્યારે, તે વેગનું દર્શન થયેલું ને તે તેથી ધન્ય થયેલી. બીજાં પણ એવાં અનેક ઉદાહરણ આપી શકાય. એવા પૂર્ણતમ કે પરમાત્માને પામીને જ સંતુષ્ટ થનારા પ્રબળ વેગની જરૂર છે. તો જ જીવન સફળ ને ધન્ય બની શકે ને ઇચ્છા પ્રમાણે આકાર લઇ શકે.

માણસોમાં એવો વેગ હોય છે ખરો, પણ હોય છે મોટે ભાગે સાંસારિક વિષયોને માટે, દુન્યવી લાલસા કે ઇચ્છાઓની પૂર્તિ કે તૃપ્તિ માટે જ, તે વધારે ભાગે વપરાતો હોય છે. એનો અધિષ્ઠાતા દેખાતો નથી હોતો. ઈશ્વરની જગ્યાએ એના આદર્શ તરીકે કોઇ બીજી જ વસ્તુ બેઠી હોય છે. એ પરિસ્થિતિને પલટાવવામાં આવે કે એમાં થોડોક જરૂરી સુધારો થાય તો જીવન જોમવંતુ બને ને મંગલ થાય. એ વેગને બીજી બધી વસ્તુમાંથી પાછો વાળી, એકત્ર કરીને, સાધનાના સુંદર ક્ષેત્રમાં વહેતો કરવાની જરૂર છે. એને એની પૂરેપૂરી ગતિથી પરમાત્મા પ્રત્યે વહેતો કરવાની જરૂર છે. તો આત્મોન્નતિના એકેકથી ચડિયાતા મહાન ચમત્કારો થઇ શકે એમાં કોઇ પણ પ્રકારનો સંદેહ નથી. જીવન એથી ઉજ્જવળ ને ધન્ય બની શકે.



# શ્રી હરિની શબ્દયાત્રા

**મા સર્વેશ્વરી**

**નંદ ભવન, મેબર્લી, કેનેડા.**

**૧૫/૦૯/૨૦૧૧**

આજે પ્રભાતે ઉઠતાંજ શ્રી ગુરુભગવંતે એક વિચાર જગાડ્યો. પ્રકાશના પંથેનું પારાયણ આજથી જ પ્રારંભ કરી દો.

અને એ જ વિચારને તરતજ ઝીલી લીધો ને આજે ૭+૧=૮ પ્રકરણની યાત્રા થઇ પણ ગઇ.

આજથી પ્રકાશના પંથના પૂર્ણ પુરુષની અક્ષર આરતી પારાયણ દ્વારા પ્રારંભ પામી.

કહો કે એ પરમ પુરુષને ગ્રંથ દ્વારા સમજવાના પ્રયત્ન પ્રારંભ પામ્યા. એ જીવનગ્રંથને જીવી બતાવવાની એક જવાબદારી સૌના મસ્તકે આજથી આવી મળી છે.

પૂર્ણપુરુષની જીવનલીલાના એક એક પ્રસંગ જાણે પવિત્ર પાઠશાળા બનીને શ્રોતાઓને જ્ઞાનના માર્ગે દોરી જશે.

પ્રકાશપંથનું એક એક પૃષ્ઠ જાણે પ્રભુ મંદિરનું એક એક પગથિયું.

પૂર્ણ પુરુષે પરિશ્રમે સાધનાનો સેતુ સાધકો માટે સર્જ્યો. કહો કે નૌકાનું નિર્માણ કરી. ભવપાર કરવા આ પ્રકાશ પંથ પ્રગટાવ્યો.

અરે, મા માટે પ્રગટ થઇને પ્રકાશપંથનો પ્રાણવાયુ પ્રગટાવ્યો. પ્રત્યક્ષ સંનિધિ સુખના રાજમાર્ગનું સર્જન કર્યું. સુખદ દિવ્ય સંસ્પર્શનો અલૌકિક પ્રસાદ પ્રકાશ પંથ દ્વારા ધર્યો.

પ્રકાશપંથનો પ્રત્યેક અક્ષર જાણે એક એક દીવડો. પ્રત્યેક અક્ષર જાણે અમૃત કુંભ. અનંત જન્મોના અંધકારને કાપતી આ સોનેરી દીવાદાંડી સંસાર સંગ્રામનું રક્ષાકવચ. જીવવાનો આધાર. અંધકેરી આંખડી ને માર્ગ ભૂલેલાની ચાખડી.

અરે, પ્રકાશપંથ જાણે અધ્યાત્મ માવડીનો શ્રી અંક, પિતાનું છત્ર અને પ્રત્યેક જીવનનો સોહાગ, પ્રકાશ પંથનું દર્શન–જાણે દિવ્યદ્વાર.

પ્રકાશપંથ જાણે યોગેશ્વર પ્રભુની શેષશૈયા, પ્રકાશપંથ જાણે યોગેશ્વર મંદિરના ઘંટારવ, સર્વસાધકનો સાચો સુકાની, સર્વરોગનું મહાઔષધ.

વિદેશની ધરતી ઉપર આ મહાગ્રંથની તીર્થયાત્રા (જે જે ભાગ્યશાળી પ્રવાસી છે તે યાત્રી) મહાયાત્રી બનીને આજથી પ્રારંભ કરશે.

શ્રોતાઓના કર્ણપ્રદેશે પ્રવેશીને એ અક્ષરદેહ અનંતજન્મો સાંભળવાથી થયેલા દોષોને ધોઇ નાંખશે.

જે જે એને વાંચશે તેના તેના અનંતજન્મોના વાણીના દોષોને ધોઇ નાંખશે.

જે જે પ્રકાશ પંથના ગ્રંથનું દર્શન કરશે તે તે અનંત જન્મોના નેત્રના દોષોને ધોવા સક્ષમ બનશે.

જે જે પ્રકાશ પંથને હાથમાં લઇને પગલાં ભરશે તેના પ્રત્યેક પગલે તેનાં તેનાં પાપકર્મને બાળવાનું યજ્ઞકાર્ય શ્રી યોગેશ્વર પ્રભુ જ પ્રારંભ કરશે.

ક્ષુધાર્થને અધ્યાત્મના અન્નકૂટ સમા આ પ્રકાશ પંથના



રસથાળથી સૌ તૃપ્ત. પરિતૃપ્ત. અનંતજન્મોની ક્ષુધા તૃષાનું સંપૂર્ણ વિસર્જન થઇ જાય.

આજે એ રસથાળમાં આઠ વિવિધ વાનગી પીરસાઇ.

જેમાં આત્મકથાનું લેખન શા માટે? જન્મ, માતા–પિતા, આશ્રમજીવનના વિવિધ વલયોનું રસપ્રદ વર્ણન છે.

આજે તો ૧૮ દિવસમાં પારાયણ કરવું હોય તો દરરોજ કેટલાં પ્રકરણ અને કેટલાં પૃષ્ઠો વાંચવાં જોઇએ તેનું કોષ્ઠક પણ તૈયાર કરી દીધું.

દરરોજની ૩ બેઠક, ૩–૩ કલાકની કરવી જોઇએ એ મુજબ આજે સવારે, બપોરે, રાત્રે ગણતરી સાથે નિયમપૂર્વક વાંચી શકાયું.

સૌ સ્વસ્થતાથી શ્રવણ કરતા રહ્યાં.

આ એક સરસ વિચાર શ્રી હરિએ જ ધર્યો અને તેને આજે સરસ રીતે વધાવી પણ લેવાયો, એ તેમની જ કૃપા છે. હે મારા નાથ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**સાફ હૃદય એટલે સુંવાળું ઓશીકું.**

**–જર્મન કહેવત**

**જે માણસ પોતાના ધ્યેયની પ્રાપ્તિ હૃદયને કોરાણે મૂકીને કરે છે તે આંખ વેચીને ચશ્માં ખરીદવા જેવું કામ કરે છે.**

**–ચીનની કહેવત**

# અનુભવ વાણી

સંતવાણી

## પ્રગતિ

જે જ્ઞાન આચરણમાં નથી આવ્યું તે જ્ઞાન બોજારૂપ છે.

**શબ્દ બેચારા ક્યા કરે, અર્થ ન જાને કોઇ,**
**અર્થ બેચારા ક્યા કરે, ધારણ કરે ન કોઇ.**

શરૂઆતમાં ભોજન માટે વાસણ સોના—ચાંદીના રહેતાં ત્યાર બાદ તાંબા—પિત્તળનાં આવ્યાં, પછી સ્ટીલ એલ્યુમિનિયમ અને હાલમાં પ્લાસ્ટીકનાં છતાં આપણે ખૂબ જ ગર્વથી કહીએ છીએ કે આપણે પ્રગતિ કરી છે.

પહેલાં માનવ ખાખરાની પતરાળીમાં ચોખ્ખા ઘીના લાડવા ખાતા, હાલમાં ધનવાનો સોનાની થાળીમાં ખાખરા ખાય છે. છતાં ગર્વથી કહે છે કે પ્રગતિ કરી.

શરૂઆતમાં સોનાના સિક્કા હતા. ત્યારબાદ ચાંદીના પછી તાંબા—પિત્તળનાં, ત્યારબાદ સ્ટીલના, હાલમાં કાગળનું ચલણ ચાલે છે. છતાં આપણે ગર્વથી કહીએ છીએ કે આપણે પ્રગતિ કરી છે. આપણા ઋષિ મુનિઓ વેદજ્ઞાતા હતા ત્યારબાદ—ઉપવેદ—પછી વેદાંગ—ઉપાંગ પુરાણ, મીમાંસા, ગ્રંથ, કથા, ભજન સ્તુતિ, શ્લોક હાલમાં ફક્ત મંત્ર અને તે પણ શક્ય હોય એટલો ટૂંકો છતાં આપણે ગર્વથી કહીએ છીએ કે પ્રગતિ કરી.

શાસ્ત્રમાં ઉલ્લેખ છે કે ભારત વર્ષમાં વિરાટ સ્વરૂપ ધારણ કરવું, સુક્ષ્મ સ્વરૂપ ધારણ કરવું, અદ્રશ્ય થવું, પરકાયા પ્રવેશ



કરવી, હવામાં ઉડવુ તથા ઇચ્છા મૃત્યુ જેવી અનેક દૈવી શક્તિ આપણામાં હતી, હાલમાં આ પ્રકારની કોઇ જ શક્તિ આપણામાં નથી. છતાં આપણે સૌને કહેતા ફરીએ છીએ કે આપણે ખૂબ પ્રગતિ કરી છે.

## પૂર્ણવિરામ

બધુ જ ફાવે, બધુ જ ભાવે, એના જીવનમાં દુઃખ ન આવે.

**દિલ રોતા હૈ જબ દેખતા હું, તસ્વીર આપકી,**
**મન માનતા નહીં કી રહી નહીં અબ હસ્તી આપકી.**

સવારે આપણે પ્રસન્ન હોઇએ, આખા દિવસના કાર્યથી આપણે થાકી જઇએ એટલે રાત્રે સૂઇ જઇએ દિવસનો અંત.

દાંપત્ય જીવનમાં પ્રવેશ કરે ત્યારે શરૂઆતના દિવસો પતિ—પત્ની એક બીજાના હાથ પકડી ચાલે. એકાદ વર્ષ પછી હાથ ન પકડે બંને આગળ પાછળ ચાલે. થોડા વર્ષો બાદ જવાબદારી વધતાં બંને સાથે જોવા ન મળે. જેથી જવાબદારી એ દાંપત્ય જીવનનો અંત.

શરૂઆતમાં સેંટની સુગંધ આવે પછી બાળોતીયાની ગંધ આવે. પછી આયોડેક્ષ વીક્સ અને અમૃતાંજનની ગંધ આવે. માણસ પહેલાં દેશ—વિદેશ ફરે ત્યારબાદ દેશમાં જ ભ્રમણ કરે, થોડા વર્ષો બાદ પોતાના ગામમાં જ ફરે. નિવૃત્ત થતાં મંદિરમાં કે સોસાયટીનાં કપાઉન્ડમાં કે ગાર્ડનમાં, ત્યાર બાદ ઉંમર વધતાં અને દ્રષ્ટિ કમજોર થતાં, પગનો સાથ ન મળતાં પોતાના ફ્લેટમાં જ ચાલવાની કસરત કરે ત્યાર બાદ...પૂર્ણવિરામ—મૃત્યુ.

**સ્વચ્છતા**

ચહેરા પર તેજ, આંખોમાં મસ્તી, વાણીમાં વિનય, વર્તનમાં વહાલ, હોઠો પર હાસ્ય અને ઉરમાં ઉમળકો હોય ત્યાં જીવન નિરાંતનું હોય. ચિંતા, વિશાદ ભય ત્યાં ટકતાં જ નથી.

**હર આદમી ઉદાસ હૈ તેરે શહર મેં,**
**હર જગહ જીંદા લાશ હૈ તેરે શહર મેં,**
**સબકા જુદા આકાશ હૈ તેરે શહર મેં,**
**જીનેકી ફીરભી આશ હૈ તેરે શહર મેં.**

પરમાત્માની વ્યવસ્થા
વૃક્ષને શુદ્ધ કરવા માટે વરસાદ,
ફૂલને સ્વચ્છ કરવા માટે ઝાકળ,
પૃથ્વીને સ્વચ્છ રાખવા માટે સૂર્યનારાયણની વ્યવસ્થા છે.
એટલે કે સર્જનહારને પણ સ્વચ્છતા ખૂબજ પ્રિય છે.
આપણે સવારથી ઊઠીને સ્વચ્છતા પાછળ મંડી પડીએ.
દંતમંજન કરી દાંત સાફ કરીએ.
ઊલ ઉતારી જીભ સાફ કરીએ,
મળ–મૂત્ર વિસર્જન કરી પેટ સાફ કરીએ,
સ્નાન કરી શરીર સ્વચ્છ કરીએ.
પૂજા–માળા–ધ્યાન દ્વારા મન સાફ કરીએ,
પ્રાણાયામ કરી પ્રાણને સ્વચ્છ કરીએ.
વાળી–ઝૂડીને ઘર સાફ કરીએ,
કપડા ધોઈને સ્વચ્છ કરીએ.



જપ–તપ કરી જીવન શુદ્ધ થાય,
વાણીની શુદ્ધિથી વ્યવહાર શુદ્ધ બને,
દાન કરવાથી ધનની શુદ્ધિ થવા પામે,
ક્ષમા કરવાથી મનની શુદ્ધિ થાય,
બ્રહ્મજ્ઞાનથી બુદ્ધિ શુદ્ધ થાય,
સન્યાસ લેવાથી બ્રાહ્મણ પવિત્ર થાય,
દુષિત થયેલી સ્ત્રી રજોદર્શનથી શુદ્ધ થાય.

જ્યાં સ્વચ્છતા નથી ત્યાં પરમાત્માને પણ ગુંગણામણ થાય છે.

જ્યાં સ્વચ્છતા નથી ત્યાં પવિત્રતા નથી અને ત્યાં પ્રગતિ પણ નથી જ નથી.

(ક્રમશઃ)

**સાચકલું હૃદય એટલે રોજ રોજ ઉત્સવ!**

**–બેન્જામિન ફ્રેંકલીન**

**અંતર મમ વિકસિત કરો અંતરતર હે!**
**નિર્મલ કરો, ઉજ્જવલ કરો સુંદર કરો હે!**

**–રવીન્દ્રનાથ ટાગોર**

**આપણે જ્યારે જૂઠું બોલીએ છીએ ત્યારે આપણો શબ્દ ભોંયભેગો થાય છે.**

**–ગુણવંત શાહ**

# નિયતિ રામને પણ ન છોડે

—ગુણવંત શાહ

વહેલી સવારે સૂમસામ સડક પર બે સાવ અજાણ્યા માણસો ભેગા થઇ ગયા. બંને જણાએ એકબીજાને નમસ્કાર કર્યા. એકનું નામ સુખ હતું અને બીજાનું નામ દુઃખ હતું. વાતચીત શરૂ થઇ ગઇ :

સુખ : સમગ્ર વિશ્વમાં મારી બોલબાલા છે. બધા લોકો મારી પ્રતીક્ષા કરે છે.

દુઃખ : વિશ્વ આખું મારાથી ફફડે છે. લોકો મારા પડછાયાથી પણ દૂર ભાગે છે.

બંને વચ્ચે વાતચીત ચાલતી હતી ત્યાં એક બસ આવીને ઊભી રહી. બસમાં સાધુઓ બેઠા હતા. સૌના ચહેરા પર પ્રસન્ન સ્મિત હતું. સાધુઓએ સુખ અને દુઃખને બસમાં લઇ લીધા. એક સાધુએ બંનેને કહ્યું : 'દુઃખના શિખર પર કરુણા શોભે છે અને સુખના શિખર પર આનંદ શોભે છે. આ બસ મોક્ષની દિશામાં જઇ રહી છે.'

આપણે સૌ પૃથ્વી નામના ગામના નાગરિકો છીએ. એ ગામનું અસલ નામ **જીવનગ્રામ** સમગ્ર બ્રહ્માંડમાં આવું બીજું કોઇ ગામ હોવાનું જાણ્યું નથી. ગામમાં રહેનાર સૌને દુઃખની ભેળસેળ વગરનું સુખ જોઇએ છે. સુખ માણસની ઝંખના છે, દુઃખ જીવનની હકીકત છે. ભગવાન બુદ્ધને સમજાયું કે જીવન દુઃખમય છે. તથાગતે લાંબા ચિંતનને અંતે ચાર આર્યસત્યો



માનવજાતને સંભળાવ્યાં : ૧. દુઃખ છે. ૨. દુઃખનું કારણ ૩. દુઃખનો ઉપાય છે. ૪. ઉપાય શક્ય છે. આવી દુઃખમીમાંસાને અંતે તથાગતે બ્રહ્મવિહારનાં ચાર પગથિયાં બતાવ્યાં : મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા (ઉપેક્ષા એટલે વૈરાગ્યયુક્ત જીવનદૃષ્ટિ).

આપણા જેવા સામાન્ય માણસો સુખની ક્ષણે છલકાઇ જાય છે અને દુઃખની ક્ષણે બેવડ વળી જાય છે. આપણને સૌને એક પ્રશ્ન સતાવે છે : દુઃખની સાથે કામ શી રીતે પાડવું? જીવનમાં ચાર પ્રકારની દુઃખદ ઘટનાઓ માટે માણસે પોતાના મનને સતત તૈયાર રાખવાનું છે :

૧. સ્વજન કે પ્રિયજનનું અણધાર્યું મૃત્યુ.

૨. કલ્પના પણ ન કરી હોય એવી વ્યક્તિ તરફથી દગાબાજી,

૩. ઓચિંતો ત્રાટકેલો કોઇ અસાધ્ય રોગ,

૪. સંજોગોના ષડ્યંત્રને કારણે આવી પડેલી ગરીબી.

સુખની ઝંખના ટાળવા જેવી બાબત નથી. દુઃખની પ્રતીક્ષા ન હોય, પરંતુ એ આવી જ પડે ત્યારે સાધકે કહેવાનું છે : 'ભગવન્! તારી ઇચ્છા પૂર્ણ થાઓ.' આ વાત કહેવી સહેલી છે, પણ પચાવવી મુશ્કેલ છે. આપણું જીવન એક એવું રહસ્ય છે, જે આપણને જ સમજાતું નથી. ત્રણ અંગ્રેજી શબ્દો અગત્યના છે : Myth, Mysticism Mystery. આ ત્રણે શબ્દો ગ્રીક ક્રિયાપદ 'Musteion' પરથી આવેલા છે. એનો સાદોસીધો અર્થ છે : 'મોં બંધ કરવું અને આંખો બંધ કરવી.' આપણા રોજિંદા જીવનમાં

એક જ વાત મનોમન પાકી કરવાની છે કે જીવન ઢંકાયેલું (obscure) છે, અંધારામાં ગોપાયેલું છે કે પછી શાંતિથી ભરેલું છે. આવી સહજ અનુભૂતિ જ્ઞાન ભણીની યાત્રાનો પ્રારંભ બની જાય એ અશક્ય નથી. દુઃખને આમંત્રણ આપવાનું નથી, પરંતુ આવી પડેલા દુઃખનો સદુપયોગ કરી લેવાનું ટાળવા જેવું નથી. જૉન બોરિસેન્કો કહે છે : ‘તમે મૃત્યુ પામશો કે નહીં એ પ્રશ્ન નથી. પ્રશ્ન એ છે કે તમે કેવી રીતે મૃત્યુ પામશો.’ જીવન રહસ્યમય છે, પરંતુ મૃત્યુ તો સાક્ષાત્ રહસ્ય જ છે.

જે ચીજની આપણે તૃષ્ણા નથી રાખી તે ચીજ આપણા દુઃખનું કારણ બનવાની તાકાત ગુમાવી બેસે છે. સુખની ઝંખના નથી સતાવતી, પરંતુ છીછરા સુખની ઝંખના આપણી આનંદયાત્રામાં અંતરાય ઊભો કરનારી છે. શરાબસેવન સુખદાયી જણાય છે, પરંતુ લાંબે ગાળે એ આપણા સહજ આનંદને કાપે છે. આપણી નાનીમોટી ઇચ્છાઓના રાફડા સર્જાતા રહે છે. જેની ઇચ્છા રાખીએ તે કાયમ ઇચ્છનીય હોય છે ખરું? જેની પ્રાપ્તિ આપણી તૃષ્ણાને જગાડે છે તે પ્રાપ્તવ્ય જ હોય એવું ખરું? જેનું આપણે મન ઘણું મૂલ્ય હોય તે ખરેખર મૂલ્યવાન હોય જ એવું ખરું? આજકાલ જ્યાં જુઓ ત્યાં છીછરા સુખ પાછળની દોટ જોવા મળે છે. છીછરું સુખ આખરે તો ઊંડા દુઃખમાં પરિણમતું જોવા મળે છે. ટેકનોલૉજી સુખદાયિની છે અને વળી દુઃખનાશિની પણ છે. ટેકનોલૉજી સુખ અને દુઃખથી પર એવા આનંદથી આપણને છેટા ન રાખે ત્યાં સુધી આવકારદાયક છે. ‘આનંદ’ શબ્દનો કોઈ વિરોધી શબ્દ નથી. વૈરાગ્ય વિના આનંદ ક્યાંથી? આપણી અઢળક ઇચ્છાઓને



સખણી રાખનારા વૈરાગ્ય (ઉપેક્ષાભાવ) વિના આનંદની સહજ અનુભૂતિ શક્ય ખરી? ઇચ્છાપૂર્તિમાં બધું જીવન વીતી જાય ત્યારે માનવું કે જીવનભર મજૂરી જ ચાલતી રહી. મજૂરી કદી પણ આનંદપર્યવસાયી ન હોઈ શકે. સફળતાની ઝંખના રોગની કક્ષાએ પહોંચે ત્યારે નિષ્ફળતાનું સૌંદર્ય નષ્ટ થાય છે. રળિયામણી નિષ્ફળતા સૌના નસીબમાં ક્યાંથી? એક ફ્રેન્ચ કહેવત છે : જખમોની કથા ધૂળ પર લખજો, પરંતુ કરુણાની કથા આરસપહાણ પર લખજો.

મર્યાદાપુરુષોત્તમ રામનું જીવન દુઃખ નામના તત્ત્વને સમજવામાં ઉપકારક થાય તેમ છે. જે દિવસે રાજ્યાભિષેક થવાનો હતો, તે જ દિવસે ચૌદ વર્ષનો વનવાસ આવી પડ્યો. વનવાસ પૂરો થવામાં હતો ત્યાં રાવણે સીતાનું અપહરણ કર્યું. અયોધ્યામાં રામરાજ્ય સ્થપાયું અને ઓચિંતો સીતાત્યાગનો પ્રસંગ ઉપસ્થિત થયો. વાલ્મીકિ ઋષિના પ્રયત્નને પરિણામે ફરીથી રામસીતા મિલનની ક્ષણ નજીક હતી ત્યાં સીતા પૃથ્વીમાં સમાઈ ગઈ. જો નિયતિ રામને ન છોડે તો આપણને છોડે ખરી? જીવનમાં બધું કેમ, કઈ રીતે અને કોના દોરીસંચારથી બને છે તેનો ખયાલ આપણને આવતો નથી. જીવનના રહસ્યનો આવો અભિક્રમ આપણા હાથની વાત નથી. શું દુઃખ સામે હાથ જોડીને બેસી રહેવું? રામનું જીવન અહીં પ્રેરણાદાયી બની શકે. સીતાનું અપહરણ થાય એ નિયતિનો ખેલ હતો, પરંતુ રાવણવધ એ રામના પ્રચંડ પુરુષાર્થનું પરિણામ હતું.

ઇચ્છાપૂર્તિ માટે સતત મથવું એ કામદારવૃત્તિ છે. સુખનો સહજ સ્વીકાર એ કારીગરવૃત્તિ છે. સાક્ષીભાવે દુઃખનો

વૈરાગ્યપૂર્ણ સ્વીકાર એ કલાકારવૃત્તિ છે. જીવન નાની નાની અસંખ્ય ઘટનાઓનું બનેલું છે, પરંતુ જીવન સ્વયં નાની ઘટના નથી. જીવતાં હોવું એ પ્રાપ્તિ છે, પરંતુ જીવંત હોવું એ ઉપલબ્ધિ છે.

**દુઃખની ફિલ્મ વચ્ચે આવતો ઈન્ટરવલ એટલે સુખ.**

—ડોન માર્કવીસ

**હું ઘણો પૈસાદાર, ઘણો જાણીતો, ઘણો તાકાતવર અને ઘણો દુઃખી છું.**

—બ્રિગીટ બારડોડસ

**પ્રાર્થના ઉપર જાય છે અને કૃપા નીચે આવે છે.**

—યહૂદી કહેવત

**પ્રપંચ કરીને સફળ થવું એના કરતાં સન્માનપૂર્વક નિષ્ફળ જવું અનેક ગણું સારું છે.**

—ડોન માર્કવીસ


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.




# અંતરની માટલી

—મકરન્દ દવે

ગુરુ ગોવિંદસિંહ શીખ લોકોના દશમા ધર્મગુરુ. તેમને સૌ શીખો દશમ પાદશાહ કહે. આ પહેલાં કોઈ પણ શીખ ગુરુએ નહોતી લીધી એવી ભીષ્મપ્રતિજ્ઞા દશમ પાદશાહે લીધી. તેમણે હાથમાં અંજલિ લઈ કહ્યું :

**‘ચિડીયાસે મૈં બાજ ગિરાઉં, બિલ્લીસે મૈં શેર મરાઉં**
**સવા લાખ પે એક ચડાઉં, તબ ગોવિંદસિંહ નામ ધરાઉ.’**

ક્યાં બિચારી ચકલી ને ક્યાં શિકારી બાજ? ક્યાં ઘરની બિલ્લી ને ક્યાં વનનો વાઘ? ચકલી કાંઈ બાજ પક્ષીને મારી શકે? અને બિલાડી કાંઈ વાઘ સામે બાથ ભીડી શકે? પણ ગુરુ ગોવિંદસિંહે તો પ્રતિજ્ઞા લીધી કે આવું અશક્ય લાગે એવું કાર્ય પણ હું કરી બતાવીશ, સવા લાખને મારીને મરે એવા એક એક શીખ સિપાહીને તૈયાર કરીશ. તો જ મારું નામ ગોવિંદસિંહ. આ પ્રતિજ્ઞાનો સાર એ છે કે સાવ માયકાંગલા ને કમજોર લાગતા માણસોને પણ હું એવા મરદ બનાવીશ કે ભલભલા ચમરબંધીના પણ એ છક્કા છોડાવી દે, ચકલી જેવા રાંક લોકો પણ શિકારી બાજની જેમ તૂટી પડતા હુમલાખોરોની ખો ભુલાવી દે.

અને ભાઈ, દશમ પાદશાહે તો આ કરી બતાવ્યું.

‘વાહ, ગુરુ! વાહ, ગુરુ કી ફતેહ!’નો હુંકાર કરતા શીખ બેટડા ખડા થઈ ગયા. માથે મોકળા કેશ અને હાથે ચમકતી કિરપાણ! જાણે કેશવાળી ખંખેરી સિંહ જાગી ઊઠ્યા. ગુરુ

ગોવિંદસિંહની પંજાબને ગામડે ગામડે હાક વાગવા માંડી.

ગુરુ ગોવિંદસિંહને આવી પ્રતિજ્ઞા લેવાનું કારણ શું? કારણ જોરદાર હતું. શીખ તો હતા મહેનતુ માણસો. કોઈ ખેડ કરતા, કોઈ સુતારીકામ કે લુહારી કામ કરતા. શાંતિથી પેટ ગુજારો કરી ઈશ્વરભજનમાં દિવસો ગાળતા. આખા દિવસની મહેનત પછી સાંજે ગુરુદ્વારામાં સહુ સાથે મળી પરમેશ્વરની પ્રાર્થના કરતા. આમ પરસેવો પાડીને પ્રભુભજન કરી શાંતિથી જીવવાનો શીખ લોકોના પહેલા ગુરુ નાનક સાહેબનો ઉપદેશ હતો. તેમણે ધર્મ અને કોમના ભેદભાવ ભૂંસી નાખ્યા હતા. તેમની છાયા નીચે હિંદુ ને મુસલમાન હળીમળીને રહેવા લાગ્યા હતા. પણ પછી મોગલ બાદશાહોને આ એકતા ખટકી. ધર્મઝનૂની મૌલવીઓએ તેમના કાન ભંભેર્યા અને શીખ ગુરુઓ ઉપર તવાઈ ઊતરી. અર્જુનદેવને ધગધગતા તાવડા પર બેસાડી મારી નાખ્યા. ગુરુ તેગબહાદુરનું માથું કાપી લેવામાં આવ્યું. ઔરંગઝેબના વખતમાં તો મોગલોના જુલમોએ માઝા મૂકી. ગુરુ ગોવિંદસિંહ ત્યારે શીખ ધર્મની ગાદી પર. તેમણે આ જુલમોનો સામનો કરવાનો નિરધાર કર્યો. ઉપર મુજબ પ્રતિજ્ઞા કરી ભીરુઓને પણ ભડ બનાવ્યા.

આપણામાં પણ એક દુહો છે :

*'ઘર જાતાં, ધ્રમ પલટતાં, ત્રિયા પડંતે તાવ,*
*ઈ તીનું દિન મરણ રા, કોણ રંક, કોણ રાવ?'*

આપણી ધરતીને શત્રુઓ ધમરોળતા હોય, આપણા ધર્મનો નાશ કરવા મથતા હોય અને સ્ત્રીઓની આબરૂ ભયમાં હોય



ત્યારે મરદ માણસે તો તેની સામે મેદાને પડી મોતને વધાવી લેવું જોઈએ. પછી તે ગરીબ હોય કે તવંગર, તેણે માથું હાથમાં લઈ નીકળી પડવું જોઈએ. આવે ટાણે ઘરને ખૂણે ભરાઈ બેસે એને કપાળે કાયમની કાળી ટીલી. સ્વતંત્રતાથી ને સ્વમાનથી જીવવું હોય તો તેની કિંમત આપણા લોહીના બુંદેબુંદથી ચૂકવી આપવી જોઈએ. જે દેશના લોકોમાં આવું ખમીર નથી એ લોકો હરતાંફરતાં મડદાં જેવાં જ છે.

ગુરુ ગોવિંદસિંહે આવા ઊજળા જીવન ને મોતનો લહાવો લેવાની રણહાક વગાડી. અને ગુરુની વાણી તો મડદાંને પણ બેઠાં કરે એવી. મોગલોનાં ધાડાં સામે ઘેટાંની જેમ માથાં નમાવતા માણસો સિંહનો સીનો તાણીને ખડા થઈ ગયા. ગુરુ ગોવિંદસિંહના એક બોલ પર મરી ફીટવા હજારો જુવાનો થનગની રહ્યા. લડાઈના મેદાનમાં સામી છાતીએ મરવાની જાણે હરીફાઈ ચાલી. પંજાબને ગામડે ગામડે જયનાદ ગાજી ઊઠ્યો :

**'વાહ, ગુરુ! વાહ, ગુરુ કી ફતેહ! વાહ, ગુરુ કા ખાલસા!'**

અને ત્યારે એક બૂઢો આદમી આ રણબંકા જુવાનોને ટગર ટગર જોઈ રહેતો. તેને લડાઈના મેદાનમાં જવાની જબરી હોંશ હતી, પણ કાયા કામ નહોતી કરતી. નેવું શિયાળા એણે જોઈ નાખ્યા હતા. હાથમાં સાવરણો લઈ બેઠો બેઠો એ ગુરુસાહેબનું આંગણું વાળતો ને પરમાત્માના ગુણ ગાતો. ગુરુની હાકલ પડતાં આજ સહુ સંગાથે હાલી નથી શકાતું એનું એને લાગી આવતું. વાંસે રહી ગયાનો ભારે વસવસો થતો. એક દિવસ ગુરુ ગોવિંદસિંહ પાસે આવી હાથ જોડી એણે કહ્યું :

'ગુરુ સાહેબ, મારે લડાઈના મેદાનમાં જવું છે, મને આજ્ઞા આપો.'

ગુરુ ગોવિંદસિંહ બૂઢા સામે જોઈ રહ્યા. તેનો દેહ નર્યા હાડકાનું માળખું હતો. અંગો ધ્રૂજતાં હતાં. જાણે અંદરનો આત્મા જોર કરીને ડગમગતા દેહને ચલાવતો હતો. ગુરુએ કહ્યું :

'પણ બાબા, તમે રણમેદાનમાં જઈ કરશો શું? તમારામાં તો તલવાર ઉપાડવાની પણ શક્તિ નથી.'

'હું મારા ગુરુને ખાતર માથું ઉતારી આપીશ,' બૂઢાએ કહ્યું.

ગુરુ ગોવિંદસિંહની આંખોમાં અપાર પ્રેમ પ્રકાશ્યો. થોડી વાર વિચાર કરી તેમણે કહ્યું :

'બાબા, મારા શીખનાં માથાં એવાટ સોંઘા નથી. તમે એક કામ કરો. લડાઈના મેદાનમાં જવાની છૂટ આપું છું પણ તમારું કામ ઘાયલ સૈનિકોને પાણી પાવાનું. મરતા સૈનિકોના મોઢામાં તમારા હાથનું પાણી જશે તો એને હું ગંગાજળ આપ્યું જ ગણીશ.'

બૂઢો તો રાજી રાજી થઈ ગયો. ગુરુ ગોવિંદસિંહને એ પગે પડવા ગયો ત્યાં ગુરુએ એને બાથમાં લઈ લીધો.

'જોઓ, ફતેહ કરો! એક એક શીખ બચ્ચો તમારી પાસેથી સાચા ધરમની પ્રેરણા લેશે!'

બૂઢો કાંધે પાણીની મશક ઉપાડી હરખાતો ચાલી નીકળ્યો.

પણ પછી લડાઈના મેદાનમાંથી બૂઢા સામે ફરિયાદો આવવા માંડી. મોટા મોટા શીખ સરદારો પણ બૂઢાની બદબોઈ કરવા માંડ્યા. ગુરુ સાહેબનો હુકમ એટલે એને પાછો તો કોણ કાઢી



શકે? પણ લડાઈના મેદાનમાં બૂઢાની હાજરી ઘણાને સાલવા લાગી. બૂઢાની વિરુદ્ધ વાતો સાંભળી ગુરુ ગોવિંદસિંહે પૂછ્યું :

'એ પાણી બરાબર નથી પાતો? શું પડ્યો રહે છે? અહીંથી કુરબાનીની વાતો કરીને ગયો ને સોંપેલું કામ પણ નથી કરતો?'

'ના, રે, ગુરુ સાહેબ!' સરદારોએ કહ્યું : 'એના જેટલું કામ તો બીજો કોણ કરતો હશે? બૂઢાને પગે આ અવસ્થાએ પાંખો ફૂટી લાગે છે. માથે મણ મણની મશક ઉપાડી દોટ મૂકે છે. ઘાયલ ને તરસ્યાનું નામ પડતાં તો ઘમસાણ વચ્ચે પણ ઘૂમી વળે છે. નથી ડરતો તીરથી, નથી ડરતો તલવાર ને ભાલાથી. પોતાને હાથે પાણી પાય છે ને જીભે તો એને જયગુરુનું નામ રમે છે.

'ત્યારે? વાંધો શું છે?'

'ગુરુ સાહેબ, બૂઢાની અક્કલ મારી ગઈ લાગે છે. એ ઘાયલ શીખને પાણી પાય છે એમ મુસલમાનને પણ પાણી પાવા દોડે છે. દુશ્મનોને કાંઈ પાણી પવાય? ના પાડતાં તો કોઈનું માનતો નથી ડોસો. પાણીનો પોકાર પડ્યો ને કોણ પાણી માગે છે એ જોયા વગર ડોસો તો પાણી પાવા લાગી જાય છે. મુસલમાન જુવાનોને માથે પણ પ્યારા બચ્ચાની જેમ હાથ ફેરવે છે ને પાણી પાય છે. આ જોયું નથી જતું, ગુરુ સાહેબ!'

ગુરુ ગોવિંદસિંહની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તેમણે બૂઢાને બોલાવ્યો અને શીખ સરદારોની હાજરીમાં પૂછ્યું :

'બાબા, તમારી સામે ફરિયાદ આવી છે. તમે મુસલમાનોને પણ પાણી પાઓ છો?'

બૂઢાએ હાથ જોડી કહ્યું : 'દશમ પાદશાહ, હું તો આપની

આજ્ઞાનું પાલન કરું છું. મને શીખ—મુસલમાનની ખબર નથી. પાણી! પાણી!—કરતો કોઇ પોકાર કરે છે ને એને પાણી પાવા હું દોડું છું. એને પાણી પાતાં એના મોઢામાં હું મારા દશમ પાદશાહનું જ મોઢું જોઉં છું. મને બીજી કાંઇ ખબર નથી. હું બીજા કોઇને જોતો નથી.'

ગુરુ ગોવિંદસિંહે બૂઢાના ધ્રુજતા હાથ પોતાના હાથમાં લઇ લીધા. આનંદ અને પ્રેમથી છલકાતા સ્વરે કહ્યું :

'બાબા, મને ખાતરી હતી. તમે તો શીખ ધરમને ઉજાળ્યો. ધન્ય છે. આપણી હસ્તી ને હિંમતને પડકાર થતાં આપણે તલવાર ઉઠાવી, પણ મોતને બારણે કોઇ ભેદ નથી. કોણ શીખ? કોણ મુસલમાન? ગુરુ નાનક સાહેબનું પ્રેમજળ તો સહુ તરસ્યાને માટે છે. પાણી માટે તરફડિયાં મારતા કોઇ પણ સૈનિકને તમતમારે ખુશીથી પાણી પાજો. અને બાબા!'

'આજ્ઞા કરો, ગુરુ સાહેબ!' બૂઢાએ કહ્યું.

'એક બીજી વાત પણ તમારે કરવાની છે. મારા આ સરદારોના લોખંડી દિલમાં પણ તમારું પ્રેમજળ સીંચ્યા કરજો. આપણા ધરમની તલવાર જેટલી તીખી છે એટલું જ આપણા અંતરની માટલીનું જળ મીઠું છે એ તેમને ભૂલવા ન દેતા.'

સરદારો આ વાક્યનો મરમ સમજી ગયા અને આભનો ગુંબજ ગજાવતો અવાજ ઊઠ્યો :

***'વાહ, ગુરુ! વાહ, ગુરુ કી ફતેહ!'***



**શ્રી ચંદ્રકાન્તભાઇ પટેલનો પૂ.માના જન્મદિન નિમિત્તે**

# અનોખો સાધના અર્ઘ્ય

નારાયણ હ. જાની

શ્રી ચંદ્રકાન્તભાઇ પટેલ પૂ.મા—પ્રભુના એક સમર્પિત સાધક છે. અમદાવાદના વતની અને વ્યવસાયે તેઓ ફોટોગ્રાફર છે, પરંતુ ધંધાર્થી ફોટોગ્રાફર નથી. પંચાવન વર્ષ ઉપરની વયના આ મૂક સાધક અપરણિત છે ને શક્ય તેટલો સમય સાધનાત્મક પ્રવૃત્તિમાં ગાળે છે, છતાં તે બહુ ઓછાબોલા ને અહંશૂન્ય વ્યક્તિ છે.

ગયા વર્ષે પૂ.માના ૭૦મા જન્મદિને તેઓએ એક અનોખો સાધનાત્મક અર્ઘ્ય મૌન રહીને પૂ.માના ચરણે ધરવાનો સંકલ્પ કર્યો. આજના યુગમાં ભાગ્યે જ કોઇ વિચારે એવો અઘરો એ સંકલ્પ હતો. પૂ.ગુરુદેવ પ્રભુની સાધના ભૂમિ હિમાલયનું દેવપ્રયાગ—ને તેની પાસેના દશરથાચલ પર્વતની ટોચ. ત્યાંથી પદયાત્રા કરીને ગુજરાતમાં પૂ.માના જન્મસ્થળ કપુરા વાયા અંબાજીના સ્વર્ગારોહણ, વળી સરોડા થઇને જવાનું. આ બધા સ્થળોનું અંતર જાણી લો.

દશરથચલથી સ્વર્ગારોહણ ૧૦૫૦ કિ.મી કુલ.

સ્વર્ગારોહણ(અંબાજીથી) સત્યપથ ૧૨૩૪ કિ.મી કુલ.

સત્યપથથી સરોડા(પૂ.શ્રીનું જન્મસ્થળ ૧૨૬૬ કિ.મી. કુલ.

સરોડાથી કપુરા (કાલી મંદિર) પૂ.માનું જન્મસ્થળ ૧૬૦૭ કિ.મી. કુલ.

આમ શ્રી ચંદ્રકાન્તભાઈએ પોતાની પદયાત્રા ૨૧—૬—૨૦૧૩ના રોજ શરૂ કરી અને ૪૮ દિવસ એટલે ૮—ઓગસ્ટ ૨૦૧૩ ના રોજ પૂરી કરી. આમ તેઓ ૪૮ દિવસમાં ૧૬૦૭ કિ.મી. ચાલ્યા. તેમાં ઉનાળાના અને ચોમાસાના દિવસો આવી જાય. તેમની નોંધ પ્રમાણે ૫૪૫ કલાક વરસતા વરસાદમાં એટલે લગભગ ૨૫ દિવસથી વધુ વરસાદમાં પલળતા ચાલ્યા. તો ૧૦૦ કિ.મી. ખુલ્લા પગે, ૭૬૦ કિ.મી. મોજાં પહેરીને અને બાકીના ૭૪૭ કિ.મી. સ્લીપર પહેરીને સ્લીપરની પટ્ટી કાઢી નાંખી તેના સ્થાને રીબન બાંધીને ચાલ્યા.

કેવું અદ્‌ભુત સાહસ! ક્યાં રાત રહીશું, શું ખાઈશું, રસ્તામાં કોઈ લૂંટી લેશે તો—આવા કોઈ વિચાર કરનાર કદી આવું સાહસ ના કરી શકે. વળી યાત્રાના આરંભ પહેલાં તા.૧૪—૬ થી ૨૦—૬ સુધી ૭ દિવસ દેવપ્રયાગમાં નિવાસ કરી સાત પારાયણ **'યોગેશ્વર લીલામૃત'**ની અને એક પારાયણ **'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય—મહાત્મા યોગેશ્વરજી'** પુસ્તકનું કર્યું વળી યાત્રા દરમ્યાન ૧૩૧૫૦ પ્રણામ અને ૧૩૦૭૫ માળા કરી. આમ પદયાત્રા સાથે પ્રણામ ને જપ પણ ચાલતા જ રહ્યા.

વળી ૧૩/૯/૨૦૧૩ ના રોજ સ્વર્ગારોહણમાં એક જ દિવસમાં ૭૫૦૦ પંચાંગ પ્રણામ કર્યા. મહિના પછી ૧૩/૧૦/૨૦૧૩ના રોજ ફરી સ્વર્ગારોહણમાં ૪૫૦૦ દંડવત પ્રણામ.

આ ઉપરાંત જાન્યુ. ૧૧ થી ઓક્ટોબર ૧૨ સુધીમાં નિકોલ(તેમનું રહેવાનું સ્થળ) થી સત્યપથ ૧૪ કિ.મીની ૭૦ વખત પગપાળા યાત્રા કરી.

અમારી માન્યતા પ્રમાણે રાજીખુશીથી પ્રભુની પ્રસન્નતા માટે



ઉઠાવેલું કોઈપણ કષ્ટ એ તપ જ છે.

દાઢી વધેલી ને ભગવું વસ્ત્ર પહેરેલું તેથી તો સ્વર્ગારોહણના સાધકો પણ તેમને ઓળખી ના શકેલા!

એટલે જ પૂ.માએ આશીર્વાદ આપતાં લખ્યું.

**"હે બાળ,**
**પ્રકાશ પથના પ્રકાશને ઝીલી શક્યા,**
**અશક્યને શક્ય કરી શક્યા.**
**મંત્રજાપની યાત્રા—આત્મિક કલ્યાણની કરી શક્યા,**
**હજી પણ એવી યાત્રા સાધનાત્મક રીતે થતી રહો."**

**—મા**

આ વાંચતાં જ કોઈપણ વાંચકના મુખમાંથી આવા શબ્દો સરી પડવાના.

ધન્ય છે ચંદ્રકાન્તભાઈ. તમારા સંકલ્પને, ધન્ય છે તમારા તપ અને તિતિક્ષાને અને તમારી પ્રભુ પરની વિરલ શ્રદ્ધાને. 'હું છું હરિનો ને હરિ છે મમ રક્ષક એય ભરોસો જાય નહીં.' એ જાણે તમારા જીવનમાં સાકાર થતું સહુએ અનુભવ્યું. એટલે જ પૂ.માએ તેમના જન્મદિન ૧૩—૧૧—૨૦૧૩ના રોજ સંમેલનમાં શાલ ઓઢાડી આપનું સન્માન કર્યું, જે જોઈ જોનારાઓએ પણ ધન્યતા અનુભવી.

# પૂ.માના જન્મદિને સત્કર્મ

—નારાયણ હ. જાની

અંબાજીમાં છેલ્લાં ૧૫ વર્ષથી સત્કર્મોનું આયોજન થાય છે. પૂ.માના જન્મદિન નિમિત્તે ૧૦૫ જેટલા અનાથ, અસહાય પરિવારોને સહાયરૂપે અનાજ, ધાબળા, ટુવાલ, શેત્રંજી, સ્ટીલની બરણી, બુંદી, બીસ્કીટ, ચીકી તેમજ ખર્ચ પેટે રૂા.૧૦૦/— દરેકને આપવામાં આવ્યા.

કર્પૂરવનના સ્વજનો શ્રી મંજુલાબેન, શ્રી જગદીશભાઇ ભક્ત, શ્રી લલિતાબેન, શ્રી મધુસુદન ભક્ત, શ્રી ઠાકોરભાઇ ભક્ત વગેરે પહેલીવાર સત્કર્મ કરી રહ્યા છે. તેમના તરફથી આ માટેનો આર્થિક સહકાર પ્રાપ્ત થયો છે. તેઓ સૌ પૂ.માના વડીલો છે. પૂ.માના પ્રણામ સ્વીકારી, આશીર્વાદ આપી તેઓએ સત્કર્મનો પ્રારંભ કર્યો.

આગંતુક લાભાર્થીઓને બુંદી અને ચવાણાનો પ્રસાદ જમાડવામાં આવ્યો. તે પછી સ્વર્ગારોહણના સાધક ભાઇબેનોએ અશક્ત લાભાર્થીઓને મદદ કરી, તેમને સ્વર્ગારોહણના દ્વાર સુધી પહોંચવામાં મદદ કરી.

## અધ્યાત્મના તંત્રીનો ૯૫ વર્ષમાં પ્રવેશ

અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઇ જાનીના ૯૫ વર્ષમાં પ્રવેશ નિમિત્તે પરિવારના સૌથી નાના—ચોથી પેઢીના બાળક રુદ્રના હાથે હાર પહેરાવી, શાલ ઓઢાડી પૂ.માએ સન્માન કર્યું.



## દર્શનામૃતમ્

આજે પૂ.માના જન્મદિને એક નવી ૧૫ મિનિટની D.V.D વેચાણ માટે મૂકવામાં આવી. તેમાં જે દૃશ્યો મૂકવામાં આવ્યાં છે તેમાં પૂ.શ્રીનું અવકાશમાંથી અવતરણ ને કુટિયામાં પ્રવેશ એ દૃશ્ય વિજ્ઞાનનો ચમત્કાર છે. તે ઉપરાંત સ્વર્ગારોહણની અગાસીમાં ચણ માટે ઉભરાતાં કબૂતરો ને પોપટોનાં દૃશ્ય છે. વળી તેમાં પૂ.માનાં વ્યાયામનાં ને દિનચર્યાનાં દૃશ્યો, ગંગાજીનું દર્શન વગેરે અદ્‌ભુત રીતે સમાવેશ કરાયો છે. જેની પાસે D.V.D. જોવાનાં સાધન છે, તેઓ આ D.V.D દ્વારા પૂ.માનું, ગંગાજીનું, પૂ.શ્રી ને સ્વર્ગારોહણનું દર્શન ઘરે બેઠાં રોજ કરી શકે છે.

રાહત દરે આ D.V.D. રૂા. ૫૦૦/—માં સાધકોને આપવામાં આવી. સાધકોએ પણ ઉત્સાહથી ખરીદી સારો પ્રતિભાવ દર્શાવ્યો. બીજી Blue Ray D.V.D રૂા.૮૦૦ માં પણ મૂકવામાં આવી.

### સ્વર્ગારોહણના સેવકોનું સન્માન

પ.પૂ.મા શ્રી સર્વેશ્વરીના ૭૧મા જન્મદિન નિમિત્તે સ્વર્ગારોહણમાં કામ કરતા પાંચ સેવકોનું વિશિષ્ટ રીતે સન્માન કરવામાં આવ્યું. આ સેવકોના નામ છે—રસોઈઘરમાં કામ કરતા મહારાજ, તેમજ શ્રી બાબુભાઈ, અનિલભાઈ, રામજીભાઈ ને ઈશ્વરભાઈ. ગયા વર્ષે આ પાંચેય જણના બેંકમાં ખાતા ખોલાવવામાં આવેલ, જેથી તેઓ બચત કરી શકે. આ પાંચેય જણે પોતાની રીતે બચત કરી છે. ૧૩—નવે. ૨૦૧૨ થી ૧૩—નવે. ૨૦૧૩ સુધીના એક વર્ષમાં તમે જેટલી બચત કરશો એટલી જ રકમ પૂ.મા તેમાં ઉમેરી આપશે, એવી શરત

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ પર)

# ભગવાન છે કે નહીં?!

—ડૉ. આઇ. કે. વીજળીવાળા

આ એક સત્ય ઘટના છે.

અમેરિકાના એક રાજ્યમાં ફિલોસોફીના એક પ્રોફેસર પૂરા નાસ્તિક હતા. ભગવાનના નામથી પણ એમને નફરત હતી. આ દુનિયામાં ભગવાન જેવી કોઇ શક્તિ હોઇ જ ન શકે એ પુરવાર કરવા માટે દરેક નવા કલાસ સામે પ્રથમ સેમેસ્ટર પૂરું થાય ત્યાં સુધી એ ઢગલાબંધ દાખલાઓ આપતા અને સચોટ દલીલો રજૂ કરતા. એમના સજ્જડ તર્ક અને અદ્‌ભુત દલીલો સામે દરેક વર્ગના વિદ્યાર્થીઓ ચૂપ થઇ જતા. કોઇ એમની સાથે વાદવિવાદ ન કરી શકતું. પ્રથમ સેમેસ્ટર પૂરું થતા સુધીમાં

(પૃષ્ઠ ૩૪નું અનુસંધાન)

કરવામાં આવી હતી. આજે આપણને ગૌરવ થાય છે કે પાંચેયે સરસ બચત કરી છે.

પૂ.મા તરફથી દરેકને પ્રસાદરૂપે ગરમ ટોપી તેમજ દરેકના ખાતામાં જમા થયેલ રૂા. જેટલા જ બીજા રૂપિયાની ભેટ આપવામાં આવી. કોઇપણ સેવકે રૂા.પાંચ હજારથી ઓછી બચત કરી ન હતી. તો દરેકને માત્ર એક વરસમાં જ બચત ડબલ કરી આપે એવી પૂ.મા સિવાયની કોઇ બેંક દુનિયામાં નથી. તો શ્રી જાગૃતિબેન જાતે સીવીને દરેકને એક ડ્રેસ—સ્વર્ગારોહણના કાર્યકર સેવકો શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલ અને શ્રી નાથાભાઇના હસ્તે આપવામાં આવ્યો.

સેવકોએ પૂ.મા—પ્રભુના ચરણમાં પ્રણામ કરી પોતાની કૃતકૃત્યતા વ્યક્ત કરી.



લગભગ વિદ્યાર્થીઓ ભગવાન ન જ હોઇ શકે એવું માનવા લાગતા અને જે અંદરથી ભગવાનમાં માનતા હતા એ બધા પણ એ અંગે વાત સુધ્ધાં ન થઇ જાય એની તકેદારી રાખતા.

પૂરાં વીસ વરસ સુધી એ પ્રોફેસરે બધાને એમ જ ભણાવ્યા. એમની સામે એક પણ વિદ્યાર્થીએ ક્યારેય કોઇ જ દલીલ ન કરી. ક્યારેક વળી કોઇ વિદ્યાર્થીએ એવો પ્રયાસ કર્યો તો પણ પ્રોફેસર સામે દલીલોમાં બે ક્ષણથી વધારે કોઇ ટકી જ ન શક્યું.

દરેક સેમેસ્ટર (સત્ર)ના છેલ્લા દિવસે ફિલૉસૉફીના ૩૦૦ વિદ્યાર્થીઓને એ પ્રોફેસર એક હૉલમાં ભેગા કરતા અને પછી પૂછતા, 'તમારા બધામાંથી ભગવાનમાં હજુ પણ કોઇ માનતું હોય તો ઊભું થાય!' પરંતુ કોઇ ઊભું ન થતું કારણ કે દરેક જણ જાણતું કે એ પછી એ પ્રોફેસર શું કહેવાના અને શું કરવાના છે. પ્રોફેસર બૉર્ડ પર લખવાનો ચોક હાથમાં પકડતા અને કહેતા, 'આટલાં ઉદાહરણો અને સાબિતીઓ પછી હવે જે કોઇ ભગવાનમાં માને એ મૂરખ નહીં, પણ મહામૂરખ જ કહેવાય. આટલા વિદ્યાર્થીઓની સામે જાહેરમાં હું કહું છું કે જો ભગવાન હોય અને એ ખરેખર સર્વવ્યાપી અને સર્વશક્તિમાન હોય તો એ મારા હાથમાંથી છૂટતા આ ચોકને જમીન પર પડીને તૂટતો અટકાવી દે! સાવ સહેલું અને નાનકડું આ કામ છે. જો એ શક્તિ અહીં પણ હાજર હોય તો બસ, આટલું નાનું અમસ્તું કામ કરી આપે!' એટલું કહી દરેક વર્ષે એ ચોકને છોડી દેતા. ચોક જમીન પર પછડાઇને કેટલાય ટુકડાઓમાં ફેરવાઇ જતો અને પોતાની દલીલ જાણે કે પથ્થર પર કોતરેલ લકીર હોય એવા વિજયના ભાવ સાથે પ્રોફેસર વર્ગ પૂરો કરતા.

થોડાંક વરસ પહેલાં એક વિદ્યાર્થી ફિલૉસૉફીનો વિષય લઇ આ જ પ્રોફેસરના વર્ગમાં દાખલ થયો. એ પોતે ભગવાનના અસ્તિત્વમાં અને એની અનન્ય શક્તિઓમાં વિશ્વાસ ધરાવનાર અતિ શ્રદ્ધાળુ હતો. રોજ એ પેલા પ્રોફેસરની દલીલો સાંભળતો અને કૉલેજ જવા નીકળતી વખતે મનોમન પ્રાર્થના કરતો કે, 'હે ભગવાન! આ માણસને હું તારા વિશે કંઇક તો સમજાવી શકું એવી શક્તિ અને હિંમત બંને આપજે!'

છ મહિના એમ જ વીતી ગયા. એ દરમિયાન પેલા વિદ્યાર્થીની ક્યારેય હિંમત ન થઇ શકી કે એ ઊભો થઇને પેલા પ્રોફેસર સામે દલીલ કરે. બસ, એ રોજ મનમાં પ્રાર્થના જ કરતો રહેતો.

પ્રથમ સેમેસ્ટર પૂરું થવા આવ્યું. એ સત્રના છેલ્લા દિવસે પ્રોફેસરે ફિલૉસૉફીના બધા જ વિદ્યાર્થીઓને દર વરસની માફક એક સાથે એક મોટા ખંડમાં ભેગા કર્યા. પછી પૂછ્યું, 'તમારામાંથી હજુ પણ કોઇ ભગવાનમાં માનતું હોય તો ઊભું થાય!'

અને અચાનક જ જાણે કે હિંમત આવી ગઇ હોય તેમ પેલો વિદ્યાર્થી ઊભો થઇ ગયો. વીસ વરસમાં પ્રથમ વખત જ કોઇકે આવી હિંમત કરી હતી. પ્રોફેસરને નવાઇ લાગી, સાથોસાથ ગુસ્સો પણ આવી ગયો. એ બોલ્યા, 'અલ્યા બબૂચક! છ મહિનામાં એક પણ વસ્તુ તારા ભેજામાં ઊતરી લાગતી નથી. હું દર વખતે કહું છું તે આજે પણ તને સંભળાવું છું કે જો તારો ભગવાન અહીં હશે તો આ ચોકને નીચે પડે ત્યારે તૂટવામાંથી બચાવી લેશે. તું હમણાં જ જોઇશ કે તારો ભગવાન શું કરી શકે છે?'



'એ અહીં જ હશે! અને એ ચોકને તૂટવામાંથી બચાવી પણ લઇ શકે!' પેલો વિદ્યાર્થી પૂરો ક્લાસ સાંભળે એમ ભરપૂર વિશ્વાસથી બોલ્યો.

'એમ? તો જોઇ લેજો બધા, અને તું પણ જોઇ લે!'

એટલું કહીને પ્રોફેસરે હાથ લાંબો કરી પોતાના હાથમાં રહેલા ચોકને નીચે પાડવા ગયા. એ વખતે કોણ જાણે કેમ, એ ચોક સીધો નીચે પડવાને બદલે એમના કોટના કફ્સ (બાંયના છેડા) પર પડ્યો, ત્યાંથી દડીને એમના પેન્ટના નીચેના છેડા પર પડ્યો, ત્યાંથી ગોળ દડી એમનાં બૂટ પર થઇને નીચે જમીન પર દડી ગયો. જરાક પણ તૂટ્યા વિના! એમનો એમ જ! વીસ વરસમાં પ્રથમ વખત જ કોઇએ સામી દલીલ કરી અને તરત જ જાણે કે પ્રમાણ પણ મળી ગયું. પ્રોફેસર સ્તબ્ધ થઇ ગયા. વર્ગમાં સન્નાટો છવાઇ ગયો, પરંતુ એ બે ક્ષણ પૂરતો જ! પછી આખો હૉલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યો. પેલો વિદ્યાર્થી આંખમાં આંસુ સાથે આકાશ સામે જોઇ રહ્યો. અન્ય વિદ્યાર્થીઓ એને ઘેરી વળ્યા. પ્રોફેસર નતમસ્તકે વર્ગ છોડીને જતા રહ્યા!

'મા'ના દૂધ પછી જો કોઇ વસ્તુ પૂર્ણ પવિત્ર અને પોષક હોય તો તે માત્ર માણસની મહેનત અને ઇમાનદારીની કમાણી છે.

ઇશ્વરનો હાથ માણસને સંસારગર્તમાંથી પર ખેંચવા માટે હંમેશા લંબાયેલો હોય છે જ, પણ માણસે પ્રયત્ન કરીને પોતાનો હાથ ઉંચો કરવો પડે છે, કે જેથી ઇશ્વર તે પકડી શકે.

# પૂ.માનો નવા વર્ષનો સંદેશ

**—મા સર્વેશ્વરી**

### 'તુજ તુજને ના નડ'

આવતી કાલે સત્કર્મનો અંતિમ દિવસ ભલે હોય, પણ આપણા માટે નવા વર્ષનો પ્રારંભ દિવસ છે. સત્કર્મ કરતાં જ રહેવાનું છે, જીવનની અંતિમ ક્ષણ સુધી. આજે બાર વાગ્યા પહેલાં બધા જ પોતાના ચોપડા સ્વચ્છ કરજો. ૨૦૬૯માં જે જે નડ્યું તે ૨૦૭૦મા ના નડે તેવું કંઇક વિચારજો.

નવા વર્ષને સજાવવાનું છે. નવા નવા નિયમથી, એક જ નાનકડો નિયમ લો. એક પ્રણામ કરીશ. ૨૦૬૯ માટે જે પ્રણામ નથી કરતા તેમને માટે પોતાની રીતે સહુ લે. ૨૦૬૯માં જે ભૂલો થઇ છે, તે ૨૦૭૦માં થવા દેવી નથી. જે આળસ નડી છે, તે નડવા દેવી નથી. એક સરસ વાક્ય માએ વાંચ્યું ''તું જ તને નડે, એમાં બીજા શું કરે?'' સાંજે નિયમ લો. ૫.૩૦ વાગે ઉઠવાનો પણ તું જ તને નડ્યો, ના ઉઠ્યો આપણને કોઇ નડતું નથી. આપણી જાત જ નડે છે. આપણા કોઇપણ સારા નિર્ણયમાં આપણે જ મક્કમ નથી રહી શક્યા. એ રીતે આપણે જ આપણને નડીએ છીએ, 'હે પ્રભુ! હું મને ના નડું, એવી કૃપા કરો.' દરેક પોતાના મનને પૂછે કે વાત સાચી છે કે નહીં? રાત્રે વિચારે કે સ્વર્ગારોહણ જવું છે. સવારે જાતે જ માંડી વાળે. કોણ કોને નડ્યું?

*સારાં કામ આજ આજ ભાઇ અત્યારે,*
*ખોટાં કામ કાલ કાલ ભાઇ ક્યારેય નહીં.*



### ખસી જાઓ

જ્યાં જ્યાં મતભેદ થાય, મુંઝવણ થાય, બીજાના વિચારોથી અથડામણ થાય, ત્યાં મૌન રહીને ખસી જવું. તે સ્થળ છોડી દો. તે વ્યક્તિને છોડી દો. મૌન રહીને ખસી જાવ. આપણે ક્યાંય કોઇને એટલા જરૂરી નથી કે આપણા વિના ના જ ચાલે. ખસી જઇ સંબંધો સાચવી લેવા.

આજે દિવાળી છે તેમ માનો તો આજે જપ કરીને, ધ્યાન કરીને, રાત વિતાવવી છે! આ વર્ષનો નવો સંદેશ ''તું જ તને ના નડતો.'' નક્કી કરો આભ તૂટે કે ધરતી ફાટે, જાગતો રહી નિયમો પાળીશ. ઉનાળો છે તેમ માની સ્વેટર ઉતારી ૧૦૮ બાવની કરવી છે. આજે કંઇક કરવું તો પડે. ખાવું પડે તેવું નહીં. હવે પાણીની પાર્ટી, નિર્જળાની પાર્ટી.

વર્ષનો પ્રથમ દિવસ, પ્રથમ પ્રહર પૂ.શ્રી માનું દર્શન. પ્રાર્થનાથી પ્રથમ પ્રહરને સજાવી લીધો. નવા વર્ષે સ્વર્ગારોહણમાં પ્રભુ સહુને શક્તિ આપે, શાંતિ આપે તેવી તેને પ્રાર્થના.

બધાંને સુખ શાંતિ મળે અને પ્રભુ પંથે આગળ વધે. સહુને ખૂબ ખૂબ સુખ મળે. ખૂબ ખૂબ શાંતિ મળે અને ખૂબ સારું આરોગ્ય પ્રાપ્ત થાય, એવી પ્રાર્થના.

હે પ્રભુ હું મને ના નડું. સાધનામાં મને આળસ ના નડે.

સૌ ભારતના બાળકો એક નિયમ લઇ શકે અને તે ૨૦૧૩ ના ૩૧ ડિસેમ્બર સુધી પાળી શકે. જે જેટલા વર્ષનું થયું હોય

તેટલા દિવસ સ્વર્ગારોહણમાં રહે. અને જેટલાં વર્ષ થયાં હોય તેટલા કલાક ધ્યાન ધરે અથવા તેટલી માળા કરે, તેટલા પ્રણામ કરે, તેટલી પ્રદિક્ષણા કરે.

દા.ત. ૭૦ વર્ષ થયાં હોય તો ૭૦ દિવસ સ્વર્ગારોહણમાં રહેવાનું. ૭૦ કલાક ધ્યાન ધરવાનું ૭૦ માળા કરી શકાય. ૭૦ પ્રદિક્ષણા ને તેટલા પ્રણામ કરી શકાય. ધારોકે ૭૦ દિવસ રહો તો રોજના ૧ કલાક ધ્યાન ધરો તો વર્ષના ૭૦ કલાક ધ્યાન થઈ જાય.

આપણે નવા વર્ષે હવે વિશેષ પ્રાર્થના કરી લઈએ. નવું વર્ષ આજે જ પ્રારંભ પામ્યું છે તો પ્રભુને પ્રાર્થના કરીશું. અમારી સર્વ દિશાથી સર્વ સ્થળે સર્વકાળે રક્ષા થાય. સહુથી રક્ષા થાય. ગુજરાતના નાથની પણ રક્ષા થાય. હે પ્રભુ! દેશની, વિશ્વની, ત્રિલોકની રક્ષા થાય માટે પ્રાર્થના કરીશું.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# સ્વીટ્ઝર્લેન્ડથી ઈટલી લૂશાનથી વેનીશ

**—મા સર્વેશ્વરી**

લેખનના પ્રારંભે પ્રણામ. આપના આશીર્વાદથી કલમ ચાલે છે. જરૂરી સઘળું નોંધાવીને જીવાડો છે. આપ સતત સાથે છો. આપનું રક્ષાકવચ સર્વત્ર મસ્તકે વિરાજે છે. એ સૌનું સદ્ભાગ્ય છે.

પ્રણામ, નિર્જળા, મંત્રજપ ત્રણે પોતપોતાની રીતે નિયમિત ચાલે છે. શ્રી હરિ માને પોતાની સૃષ્ટિમાં વિહાર કરાવે છે. તે વિહાર મંત્રથી મઢીને યાત્રામાં પણ શ્રી હરિ જ પલટાવે છે.

વિશ્રામ હતો. પણ પરમદિવસે પણ બે વાર ટ્રેઈનમાં બેઠાં અને આજે પણ બે વાર બેસવાનું છે.

એટલે કે સ્વીટ્ઝર્લેન્ડની ટ્રેઈનમાં ૧૯+૨+૨=૨૩ વાર બેઠા એવું નોંધી શકાય.

સાત વાગ્યે ૧૫૦ પ્રણામ કરી મા નીચે ઉતર્યાં છે. ત્યારે ત્રણ ગાડી હાજર જ હતી. દસની મંડળીના બેગ બીસ્તર યાત્રી કરતાં પહેલાં બેઠા. તે બધા સરસ રીતે ગોઠવાઈ ગયા પછી જુદી જુદી ત્રણ ગાડીમાં ૩+૩+૪ યાત્રીઓ બેઠા. ૧૦ મીનીટમાં સ્ટેશને આવી ગયાં. અહીંની ૧ ટ્રેઈન ૦ll કલાકની હતી પણ તે ઝડપી હતી કારણ આપણી મંડળી વહેલી હતી તો આગળની ટ્રેઈન મળી ગઈ. પરિણામે જલ્દી ૧૦ મીનીટમાંજ અર્થગોલ્ડ સ્ટેશને ઉતરી ગયાં.

અહીંથી ઈન્ટરનેશનલ ટ્રેઈનમાં બેસવાનું છે. સ્વીટઝર્લેન્ડથી ઈટલી જવાનું છે. સરહદ પાર કરતી આ ટ્રેઈન છે.

શ્રી કૃષ્ણપ્રેમ માના સ્મરણપટે પધાર્યા છે. તેઓ કહે છે માનવદેહ એ સરહદ પાર કરતી છેલ્લી બસ છે.

માનવદેહમાં સરહદ પાર કરવાની ક્ષમતા છે. એ દેહ અનેક દૈવી શક્યતાઓથી ભરેલો છે.

જો આ દેહે કંઈજ ના કરીએ તો ચૂકી જવાશે. જે સાધન ભજન કરવું જોઈએ તો કરી લેવાની સૂચના છે.

માને શ્રી કૃષ્ણપ્રેમનું એ વાક્ય ખૂબ ગમે છે.

સ્વીટ્ઝર્લેન્ડની સરહદ અઢી કલાક પછી પૂરી થશે.

શ્રી વિનોદભાઈ કહે છે જેની જેની પાસે સ્વીટ્ઝર્લેન્ડનું ચલણ છે તે તે વાપરી કાઢો કારણ ઇટલીમાં આ ચલણ ના ચાલે.

આપણે પણ આ દેહે આ લોકે જે ચલણ હોય તે જે લેણદેણ હોય તે પૂરી કરવી, વાપરી કાઢવી.

એ લેણદેણ સરહદ પાર કરીને જે દેશમાં જવાના છે ત્યાં તે હિસાબ ચૂકતે કરીને પ્રવેશવાનું છે. ત્યાં દેવલોકના ચલણ જુદાં છે. એટલે ત્યાં સર્વ સાત્ત્વિક ચલણ જ ચાલશે.

સ્વીટ્ઝર્લેન્ડની બધીજ ટ્રેઈન સરસ, સ્વચ્છ આ પણ તેવી જ હતી. સરસ સીટ.

શ્રી વિનોદભાઈએ એમની દીકરી મનીષાના માર્ગદર્શન પ્રમાણે આજની આ ટીકીટ ૧૦ દિવસ પહેલાં લીધી હતી. સ્વીટ્ઝર્લેન્ડમાં ૨૨ વાર બેઠાં તેનો પણ પાસ પહેલે દિવસે જ લીધો હતો. એટલે કે અર્ધી કિંમતમાં તે મળ્યો હતો. એ રીતે આ યાત્રા ચાલી રહી છે.

અઢી કલાક બાદ સ્વીટ્ઝર્લેન્ડનો પ્રાકૃતિક સૌંદર્યના વરદાન પામેલા દેશને અહીં સલામી ભરી છે.

પાડોશમાં જ ઈટલી છે. સરહદ ઉપર કોઇ ચેકીંગ ના થયું.

પાડોશી જોડે સારી મિત્રતા છે. મહેલવાળાને મઢુલીવાળા



જોડે સારો મેળ છે. શ્રીકૃષ્ણ સુદામાનું સખ્યભાવનું ગીત ગવાયું છે. અહીં તે નજરે જોવાં મળે છે.

આ ટ્રેઈનમાં શાંતિ છે. એકાદ કલાકે રેલ્વેનો માન્ય કરેલો વેફર ને જ્યુસ વેચનાર પોતાની રીતે જરાક સંગીતમય ઘંટડી વગાડતો પસાર થાય. જેને જરૂરી હોય તે ખરીદે.

આપણી મંડળી તો સવારે સાડા છ વાગે પોતાના શરીરની ગાડીમાં પૂરતું પેટ્રોલ ભરી લે છે. દરેક હોટલમાં સવારે ભરપેટ ફળદૂધ, બ્રેડ, સીરીયલ નાસ્તામાં મળે જ છે. આપણી મંડળી સરહદ પાર કરવાની છે. એટલે ભાથું ભરી લીધું છે.

મા એ પણ સાડા છ વાગે નિર્જળા વ્રતનું ભાથું ને ૧૫૦ પ્રણામ ભાથામાં ભરી લીધા છે.

જેને જે ભાથામાં રસ તે તે તેવાં ભાથાં ભરી લે છે.

આજે લૂશનની પહેલી ટ્રેઈનમાં માએ યાદ કરાવી સૌ પાસે વરદ હસ્તની પ્રાર્થના સમૂહમાં કરાવી લીધી છે.

સ્વીટ્ઝર્લેન્ડનું સૌંદર્ય અહીં નથી. નથી હિમાચ્છાદિત પર્વતો કે નથી સરોવર કે નથી ધોધ.

ભારતનું સ્મરણ કરાવે તેવો આ દેશ છે.

સાડા છ કલાકની રેલ્વેયાત્રામાં સ્વીટ્ઝર્લેન્ડ અને ઈટલીનું મૂલ્યાંકન સામાન્ય દૃષ્ટિએ થઈ જાય.

ઈટલીનું પ્રસિદ્ધ અતિ પ્રાચીન વેનીસ શહેરના પ્લેટફોર્મ ઉપર ગાડી ઉભી રહી. આ છેલ્લું જ સ્ટેશન હતું એટલે શાંતિથી ઉતર્યાં.

દસ યાત્રીની મંડળી ને તેના અસ્ત્ર–શસ્ત્ર જેવા બેગ, હેન્ડબેગ, બેકપેક સાથે જાણે પ્લેટફોર્મ ઉપર આપણી સંખ્યા મોટી હોય એવું લાગતું હતું.

સ્ટેશનની બહાર નીકળતાં જ મુંબઈની લીડીંગ એઈજ ટ્રાવેલગ્રુપના ગાઈડ ઉભા જ હતા.

અહીં ટેક્ષીમાં હોટલ જવાનું હતું, પણ તે ટેક્ષી જ, ૮ કે ૬ વ્હીલવાળી ન હતી અહીં આ શહેરમાં બધો રોજના વ્યવહાર પાણી દ્વારા જ થતો હોય છે. એટલે અહીં હોડીને ટેક્ષી કહેવામાં આવે છે.

સ્ટીમર જેવડી મોટી બોટ પણ હોય જેમાં સામાન્ય જનતા ટીકીટ લઈને આવ–જા કરી શકે. ખાનગી હોડી પણ થઈ શકે. તેમાં ૫ વ્યક્તિજ બેસી શકે. એવો નિયમ છે.

આપણી મંડળી બે ગ્રુપમાં બે હોડીમા બેઠી. અહીં પણ રોડની જેમ ટ્રાફિક લાઈટ, મીરર, ટ્રાફિકમાં ભીડ થઈ જાય એ બધું જ જોવા મળે છે.

હોડી એકદમ આધુનિક નથી, ખૂબ જ સ્વચ્છ સીટ પણ સોફા જેવી.

મા પણ સૌ સાથે હોડીમાં બેઠાં. ૧૫ મીનીટ જળવિહાર કરતી કરતી હોડી એક કિનારે ઉતારે છે.

અહીંથી ૧૦ મીનીટ ચાલતાં આપણી મંડળીની પદયાત્રા પ્રારંભ પામી.

મુંબઈની કોઈ ભરચક આવ–જા થતી હોય એવી ભીડ અહીં જોવા મળી. બધા જ પ્રવાસીઓ હતા. આજુબાજુ બધા સ્ટોર.

એ બધુંજ પસાર કરી હોટલમાં આવી ગયાં.

સ્નાન પછી પ્રણામ થયા. નિર્જળા હતો, પરિશ્રમ પણ હતો જ, છતાં જાણે મા પરિશ્રમથી અને પરિશ્રમમાંથી ટેવાઈ ગયો છે.

હે મારા પ્રભુ પ્રણામ પ્રણામ પ્રણામ. (ક્રમશઃ)



# Maa is always caring for Children devotees

**–Niti**

Van Vishram 2013

Jai Krupalu Maa

Ever since MAA came into my life, I have always had vivid blissful memories of being with her which I will cherish for life time. There is something about MAA which is so divine that it cannot be described in mere words or pages of a book. It just needs to be experienced. Who else, besides our loving mother, will travel across the distant lands for thousands of miles just to feed her hungry children with her unending nectar of love. Her super innocent smiles and laughter creates a very light atmosphere for everyone surrounding her. Her mere presence, in front of her devotees, is like 1000 volts of electricity flowing through each one of us illuminating our present moments. She personally takes care of the needs of her chidren. Her charismatic personality has won the hearts of not only her devotees but even strangers who

hardly know her.

The bond berween a mother and a child, at a physical level, only lasts for a lifetime. Still, for a child, mother is the world and vice versa. It is said that God manifests himself in the existence of a mother. In its journey of birth and death, a soul goes through millions of relations, during each of which it develops a bond with the mother at a physical level. This journey becomes endless until the soul has found it's origin, the ultimate state where it finally has to travel back. It is so very difficult to come out of this fire wheel because of our accumulated karmas! But, after accumulating good karmas from the past several births, one finds solace in the lotus feet of an accomplished master known as Guru. Guru is one ray of hope that can open the door to eternity for a wandering soul. I feel that by having MAA in this birth, I have finally found a home. The deep satisfaction and peace that I am always craving for, is undoubtedly and instantly felt in her presence. She is my costant companion and I feel that she is always protecting me like how a mother does to her child.

Talking about a few experiences that I had



during my stay in Maberly from Jun'29, 2013 to July 6th, 2013, it was an addition to the array of divine memories and experiences I had being with MAA. The day I came to MAA, I could see the grin on her face at the glimpse of her child. I too felt as if I was on cloud nine. She welcomed me and others who accompanied me with candies. When I was unable to unwrap it, she immediately took mine and gave another one which she had unwrapped!! It is symbolistic of her constant Bliss on us when we are entangled in our routine chores and unable to come out. Almost everyday, MAA would call us to do Pranaams with her. One day, after doing Pranaams, she made us watch the DVD of her Yogasan poses in Haridwar. It was amazing to see how MAA did all the Aasans without a glimpse of discomfort for an extended period! She mentioned that these Aasans along with Pranaams are the best remedy for keeping body in shape. Not only did she mention it, but she even encouraged us to do some of them then and there. She also joined us in this fun filled exercise. No need to pay hefty gym membership fees and money saved instead can be

used to sponsor a chid's education. Thank you Maa for taking time out of your extremely busy schedule and showing us a way to physical fitness!

That she diligently takes care of the comfort of her child is made evident every time I am with her. While doing Pranams with her, she would turn the fan on our side so that we do not get exhausted. After Pranaams, MAA selectively picked and gave each one of us nectar like fruits slices which were truly refreshing!

With utmost reverence and love, I bow down to the lotus feet of MAA who gave me a direction in this life and taught me the importance of being vigilant on the path of liberation by concurring the Everest of desires and attachment towards the materialistic world! May your blessings always shower on your children not only in this lifetime but for times eternal!

Pranam, Pranam, Pranam

Jai Krupalu Maa

Niti Bhatt.



# ભગવાન રમણ મહર્ષિના આશ્રમમાં

**—અનુ. યોગેશ્વરજી, મૂ.લે. પોલબ્રન્ટન**

મારા ધાર્યા પ્રમાણેનું અઠવાડિયું ક્યાંય પસાર થઇ ગયું અને મેં મારો મુકામ એક અઠવાડિયું વધારે લંબાવ્યો. મહર્ષિ સાથેનો વાર્તાલાપ કહી શકાય એવો મારો પહેલો વાર્તાલાપ છેલ્લો થઇ પડ્યો. એકબે ઉપલક અને પરંપરાગત વાતોથી આગળ વધીને મારાથી એમની સાથે વિશેષ ચર્ચામાં ના ઊતરી શકાયું.

અઠવાડિયું પૂરું થયું ને ફરી પાછું મેં એક પખવાડિયું લંબાવ્યું. રોજરોજ એ સંતના માનસિક વાતાવરણની સુંદર શાંતિનો અને એમની આજુબાજુની હવામાં ફેલાયેલી નિર્મળતાનો અનુભવ મને થયા કરતો.

મારી મુલાકાતનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો, છતાં મારાથી એમની પાસે ના પહોંચી શકાયું. મારો નિવાસ ઉત્તમ ભાવો અને મહર્ષિ સાથે કોઇ વ્યક્તિગત સંપર્ક સ્થાપવાની કરુણતાજનક નિષ્ફળતાઓના વિચિત્ર સંમિશ્રણરૂપ હતો. હૉલની ચારે તરફ જોઇને મેં નિરાશાની થોડી લાગણી અનુભવી. બહારથી તથા અંદરથી, એમ બંને રીતે, ત્યાંના મોટા ભાગના માણસો જુદી ભાષા બોલતા હતા, પછી એમની પાસે પહોંચવાની આશા મારાથી કેવી રીતે રાખી શકાય? મેં મહર્ષિની પોતાની તરફ જોવા માંડ્યું. અત્યંત ઊંચી અવસ્થા પર આરૂઢ થઈને એ તદ્દન અલગ હોય, તેમ જીવનના આ નાટકને જોઇ રહ્યા હતા. એમનામાં કોઈક એવી ગૂઢ સંપત્તિ જરૂર હતી જે મારા પરિચયમાં આવેલા બીજા બધાથી એમને છૂટા પાડતી. મને

કોણ જાણે એવું લાગવા માંડ્યું કે જેટલા પ્રમાણમાં એ કુદરતના તેમજ આશ્રમની પાછળ ઉપર ઊઠતા એકાકી પર્વતશિખરનાં, દૂરનાં જંગલો સુધી પહોંચતી અરણ્યની કાચી કેડીના અને બધે વિસ્તરેલા અગાધ આકાશના છે, તેટલા પ્રમાણમાં આપણા અથવા મનુષ્યજાતિના નથી.

મારા પ્રશ્નો પૂછીને મહર્ષિને એમના ઉત્તર આપવા પ્રેરિત કરવા નવેસરથી પ્રયાસ કરવાનો મેં નિર્ણય કર્યો. હું એમના એક જૂના શિષ્ય પાસે જઇ પહોંચ્યો. એ બાજુની કુટિરમાં કશુંક કામ કરતા હતા. મારા પર એ પુષ્કળ પ્રેમ રાખતા. એમને મેં મહર્ષિ સાથે છેવટની વાતચીત કરવાની મારી ઇચ્છા નિખાલસપણે કહી બતાવી. મહર્ષિ સાથે કામ લેતાં મને ઘણો સંકોચ થાય છે એ પણ કબૂલ કર્યું. શિષ્યે સહાનુભૂતિપૂર્વક સ્મિત કર્યું. એ વિદાય થયા અને થોડીવારમાં જ સમાચાર સાથે પાછા ફર્યા કે મહર્ષિ રાજીખુશીથી મુલાકાત આપી શકશે.

મેં તરત જ હૉલમાં જઇ કોચની પાસે આરામથી બેઠક લીધી. મહર્ષિએ તરત જ મોઢું ફેરવ્યું અને જાણે કે મારો પ્રસન્નતાપૂર્વક સત્કાર કર્યો. મને સારું લાગ્યું ને મેં સીધા જ પ્રશ્ન પૂછવાનું ચાલુ કર્યું.

'યોગીઓ કહે છે કે સત્યના સાક્ષાત્કારની ઇચ્છા હોય તો માણસે સંસારનો ત્યાગ કરીને એકાંત જંગલમાં કે પર્વતમાં જવું જોઇએ. અમારું જીવન એટલું બધું જુદું છે કે પશ્ચિમમાં અમે એવું ભાગ્યે જ કરી શકીએ. યોગીઓની વાત સાથે તમે મળતા થાઓ છો ખરા?'

મહર્ષિએ બાદશાહી મુખાકૃતિવાળા એક બ્રાહ્મણ શિષ્ય તરફ દૃષ્ટિ કરી. એણે એમના ઉત્તરનો મારી આગળ અનુવાદ કરી બતાવ્યો :



'કર્મમય જીવનનો ત્યાગ કરવા જેવો નથી. જો તમે રોજ એકબે કલાક ધ્યાન કરશો તો તમારી ફરજો સારી રીતે બજાવી શકશો. જો ધ્યાન કરશો તો તેને લીધે તમારા મનમાં પેદા થયેલો પ્રવાહ કામ કરતી વખતે પણ ચાલુ રહેશે. એક જ વિચારને જાણે બે રીતે વ્યક્ત કરી શકાય છે. ધ્યાનમાં તમે જે માર્ગ ગ્રહણ કરશો તેનો તમારી પ્રવૃત્તિમાં પણ પડઘો પડશે.'

'એમ કરવાથી શું પરિણામ આવશે?'

'અભ્યાસ વધતો જશે તેમ તેમ મનુષ્યો, ઘટનાઓ અને પદાર્થો પ્રત્યેના તમારા વલણમાં ધીમેધીમે ફેરફાર થતો જશે. તમારા ધ્યાનનો પ્રભાવ તમારાં કર્મો પર એની મેળે જ પડતો રહેશે.'

'તો પછી તમે યોગીઓ સાથે સંમત નથી થતા?' મેં એમનું ધ્યાન ખેંચ્યું.

પરંતુ મહર્ષિએ સીધો જવાબ ન આપ્યો.

'માણસે સંસારમાં બાંધનારી પોતાની વ્યક્તિગત સ્વાર્થવૃત્તિનો જ ત્યાગ કરવો જોઇએ. પોતાના અજ્ઞાનનો ત્યાગ કરવો એ જ સાચો ત્યાગ છે.'

'સંસારમાં પ્રવૃત્તિપરાયણ જીવન જીવતાં સ્વાર્થરહિત બનવાની શક્યતા કેવી રીતે છે?'

'કર્મ અને જ્ઞાન વચ્ચે ઘર્ષણ નથી માનવાનું.'

'તમે એવું માનો છો કે માણસ પોતાની પુરાણી ધંધાકીય પ્રવૃત્તિઓ કરવાની સાથેસાથે પ્રકાશની પ્રાપ્તિ કરી શકે?'

'શા માટે નહીં? પરંતુ એ પરિસ્થિતિમાં માણસને એવું નહીં લાગે કે એની પુરાણી પ્રકૃતિ કામ કરી રહી છે, કારણ કે

માણસની મનોવૃત્તિ બદલાતી જઈને છેવટે શરીરથી પર પરમાત્મામાં કેન્દ્રિત થશે.'

'માણસ પ્રવૃત્તિપરાયણ હશે તો તેને માટે ધ્યાનનો સમય ઘણો ઓછો રહેશે.'

મારા શબ્દો સાંભળીને મહર્ષિ એવા જ શાંત રહ્યા.

'અધ્યાત્મમાર્ગમાં શિખાઉ સાધકોએ જ ધ્યાન માટેનો અલગ વખત રાખવો પડે છે.' એમણે ઉત્તર આપ્યો : 'જે આગળ વધે છે તે તો કામ કરતો હોય કે ન કરતો હોય, તોપણ ઊંડી આત્મિક શાંતિનો કે ધન્યતાનો અનુભવ કરે છે. એનું શરીર સમાજમાં કામ કરતું હોય છે ત્યારે પણ એનું મગજ એકાંતનો અનુભવ કરતાં ઠંડું રહે છે.'

'તો પછી તમે યોગમાર્ગનો ઉપદેશ નથી આપતા?'

'ખેડૂત બળદને લાકડીથી હાંકે છે, તેમ યોગી પોતાના મનને ધ્યેય તરફ વાળવાની કોશિશ કરે છે. પરંતુ આ માર્ગમાં સાધક બળદને ઘાસ બતાવીને પટાવે છે.'

'એ કેવી રીતે?'

'તમારે તમારી જાતને 'હું કોણ?' એ પ્રશ્ન પૂછવાનો છે. એ સંશોધનને પરિણામે તમારી અંદરની મનથી પરથી વસ્તુની પ્રાપ્તિ કરી લેશો. એ મોટી સમસ્યાનો ઉકેલ કરવાથી બીજી બધી સમસ્યાઓ ઊકલી જશે.'

મહર્ષિએ મને ઉદ્દેશીને ફરી વાર કહ્યું :

'એ જ વાત બીજી રીતે કહું તો વધારે સારી રીતે સમજાશે. બધા મનુષ્યો સદા શોકરહિત સુખની ઈચ્છા રાખે છે. જેનો નાશ ન થાય એવું સુખ મેળવવાની એમની આકાંક્ષા છે. એ વૃત્તિ સાચી છે. પરંતુ તમને કદી એ હકીકતનો ખ્યાલ આવ્યો છે કે એ



બધા એમની જ જાતને સૌથી વધારે ચાહે છે?'

'ઠીક....!'

'હવે એ હકીકતના સંદર્ભમાં એનો વિચાર કરો કે એક યા બીજી રીતે ધર્મના પાલન દ્વારા કે કેફી પીણા દ્વારા સૌની ઈચ્છા હંમેશાં સુખ મેળવવાની હોય છે, તો મનુષ્યના સાચા મૂળ સ્વભાવની કૂંચી તમને મળી જશે.'

'મને કાંઈ સમજાયું.'

એમનો અવાજ જરા મોટો થયો.

'સુખ માણસનો સાચો સ્વભાવ છે. આત્મામાં સુખ કુદરતી રીતે જ રહેલું છે. એટલે સુખ માટેની માણસની શોધ એના પોતાના મૂળ સ્વરૂપ અથવા આત્માની અજ્ઞાત શોધ જ છે. આત્મા અવિનાશી છે. એટલા માટે માણસ જ્યારે એની પ્રાપ્તિ કરે છે ત્યારે જેનો નાશ ના થાય એવા સુખની પ્રાપ્તિ પણ કરી લે છે.'

'પરંતુ જગત ઘણું દુઃખી છે.'

'હા, પરંતુ એનું કારણ એ છે કે જગત પોતાના સાચા સ્વરૂપથી અજાણ છે. કોઈ જાતના અપવાદ વગર બધા માણસો જાણ્યે કે અજાણ્યે, એની જ શોધ કરી રહ્યા છે.'

'દુષ્ટ, ક્રૂર અને અપરાધી પણ?' મેં પૂછ્યું.

'એ પણ એટલા માટે જ પાપ કરે છે કે પ્રત્યેક પાપ દ્વારા આત્માનું સુખ મેળવવાનો પ્રયાસ કરે છે. એ પ્રયાસની પ્રેરણા માણસમાં કુદરતી રીતે જ રહેલી છે, પરંતુ એમને ખબર નથી કે એ પોતાના મૂળ સ્વરૂપની શોધ કરે છે; એથી સુખના સાધન તરીકે પહેલાં એ પેલો મેલો માર્ગ અજમાવે છે. અલબત્ત, એ

પદ્ધતિઓ ખોટી છે, કારણ કે માણસનાં કર્મોનો બદલો જરૂર મળે છે.'

'તો પછી એ સત્ય સ્વરૂપનું જ્ઞાન થશે ત્યારે જ આપણે સનાતન સુખનો અનુભવ કરી શકીશું?'

મહર્ષિએ માથું હલાવ્યું.

સૂર્યના પ્રકાશનું એક ત્રાંસું કિરણ પોલિશ કર્યા વિનાની બારીમાંથી અંદર આવીને મહર્ષિની મુખાકૃતિ પર પડી રહ્યું. એમના સ્વસ્થ કપાળમાં સંપૂર્ણ શાંતિ હતી, એમની મજબૂત મુખાકૃતિની આજુબાજુ સંતોષ હતો અને એમનાં તેજસ્વી નેત્રોમાં મંદિર જેવી નીરવતા હતી. એમની કરચલી વગરનો ચહેરો એમના અનુભવના ઊંડાણવાળા શબ્દોને સાચા ઠરાવતો હતો.

'તમે જેનો ઉલ્લેખ કરી રહ્યા છો તે સ્વરૂપ સાચેસાચ શું છે? તમે જે કહ્યું તે સાચું જ હોય તો તો માણસનું બીજું સ્વરૂપ પણ હોવું જોઇએ.'

એમના હોઠ પર એકાદ ક્ષણ સ્મિત ફરી વળ્યું.

'માણસનાં બે સ્વરૂપ હોઇ શકે?' એમણે કહેવા માંડ્યું : 'આ વિષય સમજવા માટે માણસ માટે સૌથી પહેલી આવશ્યકતા પોતાની જાતનું પૃથક્કરણ કરવાની છે. બીજા માણસોની પેઠે એ લાંબા વખતથી વિચાર કરવા ટેવાયેલો હોવાથી, એણે પોતાના 'હું' વિશે સાચી રીતે નથી વિચાર્યું. એને પોતાનો સાચો ખ્યાલ નથી. લાંબા વખતથી એ પોતે શરીર તથા મન છે એવું માને છે, એથી જ હું તમને 'હું કોણ'ની શોધ કરવાની ભલામણ કરું છું.'

(ક્રમશઃ)



# સ્વભાવ–શુદ્ધિ

**–સ્વામી રામસુખદાસ**

મનુષ્ય શરીર સ્વભાવને સુધારવા માટે મળ્યું છે. આપણે પશુ, પક્ષી, વૃક્ષ, લતા વગેરેને સમજાવી શકતા નથી કે તમે આવું કરો અને આવું ન કરો. વિધિ–નિષેધ કેવળ મનુષ્ય માટે છે. હવે પ્રશ્ન એ છે કે સ્વભાવમાં બગાડ શો થયો છે? કઇ અશુદ્ધિ છે? તો એનો જવાબ એ છે કે જેવી રીતે વિજાતીય વસ્તુના સ્પર્શથી કપડું મેલું થઇ જાય છે એવી રીતે મનુષ્યને વિજાતીય દ્રવ્ય લાગેલું છે. હવે એ પ્રશ્ન છે કે વિજાતીય દ્રવ્ય શું છે? તો એનો ઉત્તર છે કે આ જીવાત્મા સ્વયં તો પરમાત્માનો અંશ છે, એ નિત્ય અને અવિનાશી છે. પરંતુ એણે વિનાશી અને અનિત્ય વસ્તુઓની સાથે સંબંધ જોડી લીધો છે. એને મહત્ત્વ આપ્યું છે, એનો આશરો લીધો છે, એ જ એને મેલ લાગેલો છે. એને કારણે જ અશુદ્ધિ આવી ગઇ છે. હવે આ અશુદ્ધિને કેવી રીતે દૂર કરવી? તો એનો સરળ ઉપાય છે કે જો હવે એ નવો મેલ ન લગાવે તો જૂનો મેલ છૂટી જશે. કેમ કે આપણે સ્વયં તો છીએ નિત્ય અને મેલ છે અનિત્ય. અનિત્ય નષ્ટ થાય જ છે અને નિત્ય સદા રહે જ છે.

હવે આ નવા મેલમાં બે વાતો મુખ્ય આવે છે એક તો એ કે વસ્તુઓને હું લઇ લઉં એટલે કે એને સંગ્રહ કરી લઉં અને બીજી વાત એ છે કે આ વસ્તુઓ દ્વારા સુખ ભોગવી લઉં. એ રૂપિયા અને વસ્તુઓનો સંગ્રહ કરવા ચાહે છે, અને એમના દ્વારા સુખ લેવા ચાહે છે. આ ઉત્પન્ન થવાવાળું ધન અને નષ્ટ થનારું ધન

અને પદ વગેરેથી પોતાને મોટો માને છે. પરંતુ સ્વયં તો છે નિત્ય અને ધન, પદ વગેરે છે અનિત્ય. ઉત્પન્ન અને નષ્ટ થનાર વસ્તુઓને મહત્ત્વ આપવું એટલે જ પોતાનું પતન થવું એમ સમજવું.

એટલે આજથી જ વિચાર કરી લો ઉત્પન્ન થનાર અને નષ્ટ થનાર વસ્તુઓ દ્વારા સેવા જ કરવાની હોય, પરંતુ તેનાથી સ્વયંમાં મોટાઇનો અનુભવ કરવાનો નથી. ધન આવ્યું તો ખૂબ સારી વાત છે અને ધન ચાલ્યું જાય તો પણ ખૂબ સારી વાત છે. ધન આવી જાય તો ધનનો ઉપયોગ કરો અને ધન જતું રહે તો પછી સેવા કરવાની આપણી જવાબદારી રહેતી નથી. આમાં એક વિશેષ વાત એ છે કે આપણે મેલ લગાડવામાં સ્વાધીન નથી. પરાધીન છીએ, પરંતુ નિર્મલ થવામાં એકદમ સ્વાધીન છીએ, કોઇ પરાધીન નથી. આજે જો હું ઇચ્છું કે લખપતિ થઇ જાઉં, તો આખી જિંદગી સંગ્રહ કર કર કરું તો પણ લખપતિ બની જઇશ ખરો? આપણે મેલ લગાડવામાં સ્વતંત્ર નથી. તમે કરોડપતિ છો અને કરોડ રૂપિયાને ઠોકર મારીને આજે જ ચાલવા માંડો તો કોણ રોકવાનું છે? કોણ ના કહેવાનું છે? તેથી શુદ્ધ થવામાં સર્વે સ્વતંત્ર છે, કોઇ પરાધીન નથી.

ઉત્પન્ન તથા નષ્ટ થનાર વસ્તુઓથી પશુ, પક્ષી, વૃક્ષ, લતા, ઘાસ સૌ કોઇ સુખ લે છે. વરસાદ વરસે છે ત્યારે વૃક્ષનાં પાંદડાં ખીલી ઊઠે છે. લતા અને ધરો જેવાં ઘાસ લીલાંછમ થઇ જાય છે. પ્રસન્ન થઇ જાય છે. પરંતુ મનુષ્યમાં અને પશુ—પક્ષી—વૃક્ષ વગેરેમાં એક અંતર છે. મનુષ્યની એક વિશેષતા એ છે કે ઉત્પન્ન અને નષ્ટ થનાર વસ્તુઓને ઓળખી શકે છે. મનુષ્યને ભગવાને



બુદ્ધિ અને વિવેક આપેલાં છે. તેથી જ એણે વિવેક દ્વારા ઉત્પન્ન થનાર અને નષ્ટ થનાર વસ્તુઓને આદર ન આપવો જોઇએ. મહત્ત્વ ન આપવું જોઇએ. વસ્તુઓને કામમાં લાવો. જેમ કે, જોડા પહેરવામાં ખપ લાગે છે. પણ જોડાને માથા પર મૂકવા, એને મહત્ત્વ આપવું, એનો આશ્રય લેવો એ ભૂલ છે. આવું વિચારવું કે હું મોટો ધનવાન છું, બળવાન છું, કીર્તિવાળો છું બિલકુલ ભૂલ છે. ખોટું છે. આ જ મેલ છે. સ્વયંને શુદ્ધ કરવા માટે આ જ મેલને છોડવો પડશે.

પરમાત્મા અને આપણે સ્વયં તો અનુત્પન્ન છીએ અને આ સંસાર તથા એની સામગ્રી ઉત્પ્ન તથા નષ્ટ થનાર છે. જે વસ્તુ નાશ પામવાની છે તેનો સંગ કરશો તો રડવું જ પડશે. માટે ચેતી જાઓ.

હવે પ્રશ્ન એ ઊઠે છે કે ધન વગેરેની કામના નહીં કરો તો ધન આવશે કેવી રીતે? એનો ઉત્તર એ છે કે શું ધનની કામનાથી કે ધનની ઇચ્છાથી ધન મળે છે ખરું? શું ઇચ્છા કરવા માત્રથી ભોગ મળે છે કે? સંગ્રહ તથા ભોગની ઇચ્છાનો ત્યાગ કરી દેશો તો પણ જે વસ્તુ આવવાની હશે તે તો આવશે જ. અને નથી મળવાની તે ક્યારેય નહીં મળે. આ એકદમ પાક્કી અને સિદ્ધાંતની વાત છે. તમે એમ પણ કહી શકો કે સંગ્રહ કર્યા વિના કામ કેવી રીતે ચાલશે? અનો ઉત્તર એ છે કે સંગ્રહને મહત્ત્વ ન આપો. સંઘરેલી વસ્તુઓનો સદુપયોગ કરો. સદુપયોગ કરવાની મનાઇ નથી. અને બીજી વાત એ છે આ સંગ્રહથી કામ આખરે કેટલા દિવસ ચાલશે? એક દિવસ તો મરવું જ પડશે. 'રામ બોલો ભાઇ રામ' બોલાશે. પછી બધાં કામ આપમેળે બંધ થઇ જશે.

હવે એક શંકા બીજી પણ થઈ છે કે વિધિ–નિષેધ અર્થાત્ શું કરવું અને શું ન કરવું એનો નિર્ણય કેવી રીતે કરીએ? તો એનો જવાબ ભગવાન ગીતાજીના સોળમા અધ્યાયના ચોવીસમાં શ્લોકમાં આપે છે.

**'તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।'**

કર્તવ્ય, અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર પ્રમાણ છે. એટલે કે શાસ્ત્રોમાં જે કરવાનું કહ્યું તે તો કરીશું અને શાસ્ત્રોમાં ન કરવાનું કહ્યું છે તે નહીં કરીએ. પોતાની ઈચ્છા અનુસાર ચાલવું તો પશુ–પક્ષીઓમાં હોય છે. મનુષ્યએ તો શાસ્ત્રની આજ્ઞા અનુસાર કર્તવ્યનું પાલન કરવાનું હોય છે. મનુષ્ય શરીર ઉત્તમથી ઉત્તમ છે. તેથી એનાથી ઉત્તમમાં ઉત્તમ કામ કરવાનું છે. સમયનો ઉત્તમોત્તમ ઉપયોગ કરવાનો છે. જો સંઘરો કરવાની ઈચ્છા અને ભોગ ભોગવવાની ઈચ્છા રાખશો તો અપવિત્રતા આવી જશે. તેથી શાસ્ત્રો તથા ભગવાનની આજ્ઞા અનુસાર કાર્ય કરો જેથી અશુદ્ધિ અને અપવિત્રતા નહીં આવે.

**રામ રામ રામ રામ રામ**

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# સુષુમ્ણા

જયંત જી. ગાંધી

ચાલે સદા, સતત આ ચરખો અનેરો,
જે પ્રકૃતિ, પુનિતથી, શુભ છે સૃજેલો,
સૌ માનવી, ભીતરમાં, નિજ ખેવનાનો,
માંગલ્યની, મધુર જ્યાં, સહુ ભાવનાનો.

ખંતે સૃજી, અજબ ધન્ય સિતાર જેના,
સૂરો બજે, ત્રિવિધ એ, શુચિ નાડ કેરા.
જે વર્ણવી, સહજ છે હઠ યોગ શાસ્ત્રે,
રૂડી ઈડા, સુષુમ્ણા, સહ પિંગલા છે.

જો દક્ષિણે, શ્વસન છે, શુચિ તે ઈડાનું,
વામે વળી, શ્વસનતો, શુભ પિંગલાનું,
ને મધ્યમાં, સુષુમ્ણા, કહી બ્રહ્મનાડી,
વાંચ્છા થતી, ફલવતી, સઘળીય સાચી.

આ તાર જે, સુષુમ્ણા, સુખદાઈ ન્યારો,
કિંતુ અગોચર સદૈવ બજાવનારો.

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) —શ્રી યોગેશ્વરજી

એ કૃષ્ણના વિના બીજા કોઈને વરવા જ નહોતી માગતી.

એને માહિતી મળી કે પોતાની સંપૂર્ણ અસંમતિ હોવા છતાં રુક્મીએ શિશુપાલ સાથેના વિવાહનો દિવસ નક્કી કરી નાખ્યો છે ત્યારે એની વેદના વધી ગઈ.

વિશાખા અટકી ગઈ.

એની આંખ આગળ રુક્મિણીની અમૃતમય આકૃતિ આવીને ઊભી રહી. એણે ક્ષણવાર પછી કહેવા માંડ્યું :

‘રાધા, રુક્મિણી તારા જેવી જ સુંદર ને સરળ છે. મધુરતા કે સરસતામાં એની સરખામણી તારા વિના બીજા કોઈની સાથે નથી કરી શકાય તેમ. કૃષ્ણે એને સ્વીકારી છે એટલે એ સુયોગ્ય પતિની પ્રાપ્તિ કરી ચૂકી છે. કૃષ્ણે પોતાની સ્વામિની તરીકે તને સ્વીકારી હોત તો કેટલું સારું થાત? મારી એ ઉત્કટ ઉત્કંઠા હતી ને છે. પરંતુ બધું આપણી ઈચ્છા પ્રમાણે ક્યાં બને છે? કદાચ એવો દિવસ આવે પણ ખરો. એ દિવસે મારા જેટલો આનંદ બીજા કોઈને ભાગ્યે જ થશે. છતાં તું રુક્મિણીને જુએ તો તને શાંતિ થાય એવી એ સદ્‌ગુણી ને સુંદર છે.’

રાધાની આંખ અશ્રુબિંદુથી ચમકી ઊઠી.

સુપ્રિયા બોલી :

‘રાધા અને રુક્મિણીની સરખામણી તો પછી કરાશે, પરંતુ પ્રતિકૂળતામાંથી માર્ગ કરવા રુક્મિણીએ શું કર્યું તે તો કહી બતાવ.’



રાધાએ કહ્યું :

‘કૃષ્ણને મારી આંખ ઠારે એવી કન્યા મળી એથી મને આનંદ થાય છે. પણ એ સુંદર કન્યાએ એની પ્રાપ્તિ કેવી રીતે કરી?’

‘પ્રેમથી,’ વિશાખા બોલી ઊઠી : ‘પ્રખર ને પવિત્ર પ્રેમ કદી મિથ્યા થાય છે ખરો? એ પ્રેમથી પ્રેરાઈને એણે પોતાના સંદેશવાહક તરીકે એક વિશ્વાસુ બ્રાહ્મણને દ્વારકા મોકલ્યો. એણે દ્વારકા પહોંચીને કૃષ્ણને એનો સંદેશો આપ્યો.’

‘સંદેશો આપ્યો?’

‘હા. બ્રાહ્મણે કૃષ્ણને પોતાનો પરિચય આપ્યો એટલે કૃષ્ણે એની વાત સાંભળવાની ઉત્સુકતા બતાવી.

કૃષ્ણે રુક્મિણીના રૂપ ને ગુણ સંબંધી ઘણું ઘણું સાંભળ્યું હોવાથી અને એમના હૃદયમાં રુક્મિણી પ્રત્યે પ્રેમ હોવાથી એ સંદેશના શ્રવણમાં રસ બતાવ્યો.

બ્રાહ્મણે રુક્મિણીની પરિસ્થિતિનું અને એની અનુરાગમય આંતરદશાનું પૂરેપૂરું વર્ણન કર્યું ને કહી બતાવ્યું કે રુક્મિણીનું હૃદય તમારે માટેના રાગથી રંગાયલું છે. એ તમને જ પસંદ કરી ચૂકી છે ને તમને જ વરવા માગે છે. તમને સર્વસમર્પણ કરી ચૂકી છે. અત્યારે એ આપત્તિમાં છે. તમે સમસ્ત સમાજનો ઉદ્ધાર કરી રહ્યા છો તો એનો પણ ઉદ્ધાર કરો. એનો ભાઈ એને શિશુપાલ સાથે પરણાવવા ઉત્સુક હોવા છતાં એની સાથે પરણવા કરતાં એ મૃત્યુને ભેટવાનું જ વધારે પસંદ કરશે. માટે તમે એની રક્ષા કરો. એની રક્ષા કરવાનો તમારો ધર્મ છે.

કૃષ્ણ વિચારમાં પડ્યા એટલે બ્રાહ્મણે કહ્યું :

‘આ વખત વિચાર કરીને બેસી રહેવાનો નથી પરંતુ યોજના

બનાવવાનો છે. રુક્મિણીએ કહેવડાવ્યું છે કે કુળની પરંપરા પ્રમાણે લગ્નને આગલે દિવસે એ નગરની બહાર આવેલી કુળદેવી પાર્વતીના મંદિરમાં સૌની સાથે ભારે ધામધૂમપૂર્વક દર્શન કરવા જશે ને ત્યાં તમારી પ્રતીક્ષા કરશે. તમે તે વખતે ત્યાં અવશ્ય આવી પહોંચજો ને એનો ઉદ્ધાર કરજો, નહિ તો એનું જીવન નીરસ બની જશે. એ કઠોર વ્રત દ્વારા શરીરનો ત્યાગ કરશે.'

રાધાએ કહ્યું :

'રુક્મિણીનો સંકલ્પ ખૂબ જ કઠોર કહેવાય.'

'છતાં પણ એની પાછળ પવિત્ર પ્રેમ હતો.' વિશાખાએ જણાવ્યું : 'એટલે તો કૃષ્ણે એની ઉપર કૃપા કરી.'

'દીન ને દુઃખી પર કૃપા કરવાનો તો એનો સ્વાભાવ છે.' સુપ્રિયાએ સ્પષ્ટ કર્યું.

'હા. એ સ્વભાવને લીધે જ એણે રુક્મિણીને દુઃખમુક્ત કરવાનો સંકલ્પ કર્યો ને બ્રાહ્મણને કહ્યું કે રુક્મિણીને કહેજો કે મને એના પ્રત્યે પ્રેમ છે અને એને ઉગારવા માટે હું અવશ્ય આવી પહોંચીશ.

બ્રાહ્મણે પ્રસન્ન થઇને કહ્યું કે લગ્નને માત્ર ત્રણ જ દિવસ બાકી છે ત્યારે કૃષ્ણે એને આશ્વાસન આપ્યું ને પરિસ્થિતિની ગંભીરતાને સમજી લઇને વહેલી તકે વિદર્ભદેશમાં જવાનો નિર્ણય કર્યો.

પોતાના સારથિ દારુકને એણે રથ તૈયાર કરવાનો આદેશ આપ્યો.

એ રથમાં બ્રાહ્મણને બેસાડીને વિદર્ભ દેશની દિશામાં પ્રયાણ કર્યું.'



શિશુપાલ અને જરાસંઘ જેવા શત્રુઓની સામે એ એકલો જ ચાલી નીકળ્યો એ સાહસ ઘણું મોટું કહેવાય. જો કે જીવનમાં એણે એકલે હાથે એવાં કેટલાંય સાહસો કર્યા છે એટલે એને એવી ટેવ પડી ગઇ છે.'

રાધાના શબ્દો સાંભળીને વિશાખા બોલી ઊઠી :

'બરાબર છે. દ્વારકાથી કૃષ્ણે એકલા જ પ્રયાણ કર્યું પરંતુ પાછળથી યાદવોને એની માહિતી મળવાથી એમણે બળરામને સેના સાથે એની મદદ માટે મોકલ્યા.'

રાધાને શાંતિ વળી. એણે કહ્યું :

'ત્યારે તો કૃષ્ણનું કામ સહેલું થયું ખરું.'

'હા. શીઘ્રગામી ઘોડાઓની મદદથી કૃષ્ણે વેળાસર વિદર્ભ દેશમાં પ્રવેશ કર્યો.

એની રાજધાની કુંડિનપુરને લગ્નના સુઅવસર પર સારી પેઠે શણગારવામાં આવેલી.

શિશુપાલ અને જરાસંઘ અત્યંત ઉત્સાહપૂર્વક કુંડિનપુરમાં આવી પહોંચેલા.

કુંડિનપુરની એ વખતની શોભા સ્વર્ગપુરીને પણ શરમાવે તેવી સુંદર હતી.

રાજકુમારી રુક્મિણીને સુંગધિદાર દ્રવ્યોથી સ્નાન કરાવવામાં આવ્યું, એના કોમળ કરમાં કંકણ અને ગળામાં મંગલસૂત્ર પહેરાવવામાં આવ્યાં, અને એના અંગને સુંદર વસ્ત્રો અને અલંકારોથી અલંકૃત કરવામાં આવ્યું.

(ક્રમશઃ)